

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।


# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

**Vol.2, Issue 3-4, JUNE-JULY 2017 Ahmedabad, (Gujarat), Page : 8, Rs. 100 Annual.**




**સ્વામી શંકરાનંદજી**

## સ્વામી શંકરાનંદજી

**સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યો અને આફ્રિકામાં આર્યસમાજના પ્રચારનું કાર્ય કરનાર ઈતિહાસ પ્રસિદ્ધ સંન્યાસી.**

રાજા શાલીવાહનના વંશજ સ્વામીજીનો જન્મ પંજાબના જાલંધરમાં વિ. સં. ૧૯૨ માં થયો હતો. તેમનું બચપણનું નામ શંકરનાથ હતું. તે સંસ્કૃત, ફારસી, અરબી, અંગ્રેજી ભાષાનું શિક્ષણ મેળવ્યું. રાષ્ટ્રભક્તિના રંગે રંગાયા હતા. અનેક ચળવળમાં ભાગ લીધો હતો.

આર્યસમાજના પ્રચાર અર્થે સૌરાષ્ટ્રમાં ભ્રમણ કર્યુ. વીરપુર (જલારામ)ના ઠાકોર શૂરસિંહજી આર્યસમાજી હતા. સ્વામીજીએ વીરપુર નિવાસ કરી, સમગ્ર સૌરાષ્ટ્રનાં દેશી રાજાઓને વૈદિક ધર્મનું શિક્ષણ આપવા ભ્રમણ કરતાં.

સન્ ૧૯૨૯માં સ્વામીજીની પ્રેરણાથી ગુરુકુળ સોનગઢની સ્થાપના થઇ. સ્વામીજી આફ્રિકાના દેશોમાં અને શ્રીલંકા પણ પ્રચાર અર્થે ગયેલા.

# "આર્ય વૈદિક દર્શન" નવા સ્વરૂપે

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર 'આર્ય વૈદિક દર્શન' ચાલુ અંકથી નવા સ્વરૂપે પ્રગટ કરવામાં આવે છે. આજદિન સુધી આઠ પેઇઝની પત્રિકા રૂપે આપને મળતુ હતું. વાચકોની રૂચિને ધ્યાનમાં લઇ ચાલુ અંકથી પુસ્તિકા સ્વરૂપે આપને મળશે.

સ્વરૂપની સાથે તેને માત્ર સમાચાર પત્ર તરીકે ન રાખતા આર્યસમાજ અને વૈદિક ધર્મનાં સિદ્ધાંતો, તેના પ્રચાર-પ્રસારમાં ઉપયોગી લેખો વગેરેથી વૈવિધ્યસભર બનાવવામાં આવશે. યુવા/મહિલા/બાળકો માટેના વિભાગો પણ શરૂ કરાશે. સિદ્ધાંત પોષક વિચારો - લેખો, કાવ્યો, દૃષ્ટાંતો વગેરે પ્રકાશન અર્થે મોકલવા લેખકોને આમંત્રણ છે.

પ્રાંતીય સભા આ પત્રિકા દ્વારા ગુજરાત અને ગુજરાત બહાર વસતા આર્યોને પરસ્પર નજીક લાવી આત્મીયભાવ કેળવવાનું માધ્યમ બનવા ઇચ્છે છે.

વિશેષમાં નિવેદન છે કે આ પત્રિકા આપ સૌની છે, તેને વધુ સમૃદ્ધ બનાવવામાં સૌ સહભાગી બને એવી અપેક્ષા છે. આપ સ્વયં જો ગ્રાહક ન હો તો ગ્રાહક બનીને તેમજ આપના સ્નેહીઓને ગ્રાહક બનવા પ્રેરણા આપીને સહયોગી બની શકો છો.

ઉલ્લેખનીય છે કે પ્રાંતીય સભા દ્વારા સર્વ પ્રથમ સન્ ૧૯૮૩માં 'દયાનંદ દર્શન' નામે મુખપત્રનો પ્રારંભ કરવામાં આવેલો. જે કેટલાંક વર્ષો સુધી નિયમિત પ્રગટ થતું રહ્યું. તત્પશ્ચાત સન્ ૧૯૯૫ થી 'આર્ય વૈદિક દર્શન'ના નામે આ મુખપત્ર શરૂ કરવામાં આવ્યું. જે મધ્યકાળમાં થોડો સમય બંધ રહ્યા બાદ આપ સૌના સહયોગથી નિયમિત પ્રસિદ્ધ થાય છે.

આશા છે કે આ પત્રિકાને સમૃદ્ધ બનાવવામાં આર્ય વિચારકોનો સહયોગ મળશે.

પત્રિકાની આર્થિક બાજુ મજબૂત બનાવવામાં ગ્રાહક સંખ્યા વધારવા તેમજ સંસ્થાઓ, વેપારીઓ, ઉદ્યોગકારો વગેરે પોતાના વ્યવસાયની જાહેરાત આપી ઉપયોગી બનશે. જન્મદિવસ, વિવાહ વર્ષગાંઠ વગેરે પ્રસંગોએ શુભેચ્છા જાહેરાત આવકાર્ય છે.

| | |
|---|---|
| **સુરેશચંદ્ર આર્ય** | **હસમુખ પરમાર** |
| **સભાપ્રધાન અને** | **સભામંત્રી અને** |
| **સંપાદક** | **સહસંપાદક** |

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૮
વિક્રમ સંવત: ૨૦૭૩
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૫)
અંક : ૩-૪, જૂન-જુલાઇ - ૨૦૧૭
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઇલ નં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઇલ નં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઇલ નં. ૯૦૩૩૦ ૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક : રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## આર્યાભિવિનય

प्र तद्वोचेदमृतं नु विद्वान् गन्धर्वो
धाम विभृतं गुहा सत्।
त्रीणि पदानि निहिता गुहास्य
यस्तानि वेद स पितुः पिताऽसत्
यजुर्वेद० ३२.९॥ २४॥

**વ્યાખ્યા:** હે વેદાદિ શાસ્ત્રો અને વિદ્વાનો દ્વારા પ્રતિપાદન કરવાને યોગ્ય! જે અમૃત (મરણ આદિ દોષોથી રહિત) મુક્તોનું ધામ (નિવાસસ્થાન), સર્વગત (સર્વવ્યાપી), સર્વનું ધારણ અને પોષણ કરનાર, સર્વની બુદ્ધિઓના સાક્ષી બ્રહ્મ છે, તે આપનાં ઉપદેશ અને ધારણ-શક્તિને જે વિદ્વાન જાણે છે, તે ગંધર્વ કહેવાય છે (गच्छतीति गं=ब्रह्म, तद्धरतीति स गन्धर्वः). સર્વગત બ્રહ્મને જે ધારણ કરનાર (છે), તેનું નામ ગંધર્વ છે, તથા પરમાત્માનાં ત્રણ પદ છે: જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાનું સામર્થ્ય - (તેને) ઇશ્વરને જે પોતાના હૃદયમાં જાણે છે (ધારણ કરે છે) તે પિતાનો પણ પિતા છે, અર્થાત્ વિદ્વાનોમાં પણ વિદ્વાન છે.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આર્ય વૈદિક દર્શન નવા સ્વરૂપે | પેજ નં. ૨ |
| આધ્યાત્મિક ચિંતન | પેજ નં. ૪ |
| પ્રગતિ માટે પરિવર્તન | પેજ નં. ૬ |
| જિજ્ઞાસા સમાધાન | પેજ નં. ૧૦ |
| અંધવિશ્વાસ | પેજ નં ૧૩ |
| સમાચારો | પેજ નં. ૧૪ |



# આધ્યાત્મિક ચિંતન
## કર્મ વિરામ

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

આ સંસાર ગતિશીલ છે. સર્વ પ્રાણી ગતિશીલ છે. તેમના માટે કર્મ કરતા એવું જરૂરી છે. કર્મથી જ આ સંસાર-જીવન ચાલી શકે છે. કર્મ થી જીવનમાં સુખ અને સુખનાં સાધનોની પ્રાપ્તિ થાય છે. તથા દુ:ખ તેના કારણોને દૂર કરી શકાય છે. સુખ-શાંતિથી જીવવાને માટે શારીરિક અને માનસિક બન્ને પ્રકારના કર્મ જરૂરી છે. જો કોઇ પ્રાણી કર્મ ન કરવાનું ઇચ્છે તો પણ કર્મ કર્યા વગર નથી રહી શકતું. ભૂખ-તરસ વગેરે દુ:ખ અને સુખના આવેગ એટલા કષ્ટદાયક હોય છે કે વ્યક્તિએ કર્મ તો કરવું જ પડે છે. જો કે કર્મ કરવા કષ્ટ ઉઠાવવું પડે છે, તેથી આપણે કર્મથી બચવા દુ:ખથી નિવૃત્તિ અને સુખની ઇચ્છા કરવા લાગીએ છીએ. ત્યારે આપણે ઓછા શ્રમવાળો અધર્મનો માર્ગ પકડી લઇએ છીએ. એનાથી આપણે વધારે દુ:ખી થઇ જઇએ છીએ, અસ્વસ્થ બની જઇએ છીએ.

કષ્ટ પ્રભુ કૃપાથી આપણાંમાંથી જે લોકો ધર્મ માર્ગમાં આસ્થા-રુચિ રાખે છે તેઓ કર્મના કષ્ટથી બચવા નથી માંગતા. તેમને માટે કર્મના કષ્ટથી વધારે મોટું કષ્ટ કર્મ ન કરવામાં જણાય છે. કર્મથી જ દુ:ખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે, એવાં પોતાના અને અન્ય લોકોના અનુભવોને જોઇને આપણે શારીરિક અને માનસિક કાર્ય કરીએ છીએ. આપણે વધુને વધુ માનસિક કર્મ તરફ અગ્રેસર થઇએ છીએ. પ્રત્યક્ષ દુ:ખની નિવૃત્તિ અને પ્રત્યક્ષ સુખની પ્રાપ્તિનું આકર્ષણ ઘણું મોટુ હોય છે, આપણી દૃષ્ટિ એના પર જ સ્થિર થઇ જાય છે, તેનાથી નજર હટાવી, અન્યત્ર દૂરનું વિચારવું લગભગ સંભવ નથી.

પ્રભુ કૃપાથી આપણને નિદ્રાનું વરદાન મળેલું છે. કર્મ કરવું જરૂરી છે, પણ યોગ્ય પ્રમાણમાં કર્મ કરવું આવશ્યક છે. તો કર્મથી વિરામ પણ જરૂરી છે. પ્રભુના વરદાન નિદ્રાનો યોગ્ય ઉપયોગ કરતા રહીએ તો, આપણે સારુ એવું કામ પણ કરી શકીએ છીએ. જો કર્મના આવેગમાં નિદ્રાનું સેવન ન કરીએ (કર્મ વિરામ) ન કરીએ કે ઓછું કરીએ તો પ્રભુ ફરજિયાત ઊંઘાડી દે છે. તેમ છતાં પણ આપણે તેનો વિરોધ કરીએ તો રોગના કારણે આરામ તો લેવો જ પડે છે. એ પ્રશ્ન થાય છે કે દુ:ખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિની આશાથી કરવામાં આવેલા કર્મનું પરિણામ દુ:ખની પ્રાપ્તિ અને સુખની નિવૃત્તિમાં કેવી રીતે બદલાઇ ગયું ? કર્મથી વિરામ ન લેવાના કારણે.

પ્રભુ કૃપાથી આ શારીરિક અને કેટલીક માનસિક કર્મ-વિરામની પ્રાપ્તિ નિદ્રાથી પ્રાપ્ત થવાનું આપણે સ્વીકારીએ છીએ અને લગભગ પાલન પણ કરીએ છીએ. અથવા આપણા સ્વભાવથી જ પાલન થઇ જાય છે એમ કહી શકાય. પરંતુ આપણે આવું જાણતા-માનતા હોવા છતાં પણ આપણે જાગ્રત અવસ્થામાં મનને આરામ દેવાની કળા જાણતા ન હોવાથી માનસિક રીતે વધારે પડતુ કર્મ કરતા રહીએ છીએ, વિચારોના બેકાબુ પ્રવાહમાં રૂપથી વધારે પડતુ કર્મ કરતા રહીએ છીએ,

વિચારના બેકાબુ પ્રવાહમાં તણાઇ જઇએ છીએ. જે પ્રકારે થાકેલું શરીર પોતાનું સમતોલન અને કાર્યક્ષમતા ગૂમાવતું જાય છે, એ જ રીતે વિચારોના પ્રવાહથી થાકેલું મન પણ પોતાનું સંતુલન અને કાર્યક્ષમતા ગૂમાવી બેસે છે. તેના પરિણામે આપણે નાના નાના કારણોથી ઉકળી ઉઠીએ છીએ, આવેશમાં આવી, અનિયંત્રિત થઇ જઇએ છીએ. તેનાથી પોતે પણદુઃખી થઇએ છીએ અને બીજા લોકોને પણ દુઃખી કરીને સ્વયંને માટે પાપની કમાણી કરી ભવિષ્યમાં પોતાના માટે ભયંકર દુઃખની વ્યવસ્થા કરી લઇએ છીએ.

મનનું કર્મ અર્થાત વિચાર કરવાનું જીવન માટે જરૂરી છે. એ દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ માટે આવશ્યક છે. વિચારોનો કર્મ વિરામ પ્રભુ કૃપાથી નિદ્રા લેવાથી થઇ જાય છે, પરંતુ જે રીતે વધારે પડતા શારીરિક કર્મો કરવાથી લાગેલા થાકને ઊંઘ પૂરેપૂરી દૂર નથી કરી શકતું. તેવી જ રીતે વધુ પડતા અને અનિયંત્રિત વિચારથી ઉત્પન્ન માનસિક થાકને ઊંઘ પૂરેપૂરો નથી ઉતારી શકતું.

પ્રભુકૃપાથી તેના માટે ઉપાય છે. યોગ દ્વારા ચિત્તની વૃત્તિઓને અટકાવી દેવી. યોગ-સમાધિ-ધ્યાન દ્વારા વિચારોને નિયંત્રણમાં રાખવા. એ આપણાં સુંદર-સુખી-શાંત જીવનને માટે જરૂરી છે. એક તરફ જયાં તેનાથી નિદ્રા જેવું વિશ્રામ-બળ મળે છે, તો બીજી તરફ મન ઉપર નિયંત્રણ થવાથી વિચારો ઉપર અંકુશ પ્રાપ્ત થાય છે, પરિણામે માનસિક થાક વધતો નથી. મન ઉચક-આવેશયુક્ત-અનિયન્ત્રિત નથી થતું. યમ નિયમનું પાલન કરવાથી આપણું મન વિચારોના અનિયંત્રિત પ્રવાહમાં ફસાતું બચી જાય છે.

શારીરિક કર્મ વિરામના મહત્વને આપણે પ્રાયઃ સમજીએ છીએ, એને કરી પણ શકીએ છીએ. પ્રભુ કૃપાથી માનનસિક-કર્મવિરામના લાભને પણ ઘણા જાગૃત વ્યક્તિ સમજે છે, પરંતુ તેને પ્રાયઃ કરી શકતા નથી. વિચારના ચક્કરમા પડયા રહીને આપણે પોતાને ખૂબ દુઃખ આપતા રહીએ છીએ. પ્રભુકૃપાથી આપણાંમાં એ સામર્થ્ય પડયું છે કે આપણે વૈચારિક કર્મ-વિરામનો અભ્યાસ કરતા રહીને સ્વયંને આ દુઃખથી બચાવી શકીએ છીએ, ઇચ્છીત સુખ-શાંતિ મેળવી શકીએ છીએ.



# પ્રગતિ માટે પરિવર્તનને આવકારીએ...

(આર્ય વૈદિક દર્શન ઓકટોબર ૨૦૦૩ના અંકમાં પ્રસિદ્ધ થયેલ સંપાદકીય વર્તમાન સમય સાથે અનુકુળ હોય પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

પ્રત્યેક માનવી પ્રગતિની ઝંખના સેવે છે. અને એ જરૂરી પણ છે. જેનામાં આવી ઝંખના મરી પરવરે તે વ્યક્તિ પણ માણસ તરીકે મરી પરવારે છે. મહર્ષિ દયાનંદ આર્યસમાજની સ્થાપના જ સમગ્ર સંસારની ઉન્નતિ (પ્રગતિ) માટે કરી છે. પ્રગતિશીલ વ્યક્તિની ઓળખ તે કેટલો પ્રવૃત્તિમય રહે છે તેના ઉપરથી થઇ શકે છે. જેના જીવનનો પ્રવાહ જેટલો પ્રવૃત્તિમાં વહેતો રહે તેટલો તેનો વિકાસ થાય. વિકાસની દરેક પ્રવૃત્તિ સાથે સુખ સંકળાયેલ છે. સુખી થવા ઇચ્છનારે પ્રવૃત્તિમય રહેવુ જરૂરી છે.

જીવન સતત વિકાસશીલ છે. પ્રકૃતિમાં આપણે સતત ફેરફાર થતાં જોઇએ છીએ. આપણાં શરીર અને મનમાં સતત ફેરફારો થતાં રહે છે. આ ફેરફારો ઘણાં ધીમા પણ નિશ્ચિત રીતે થતા હોય છે. અનિયમિત લાગે તેવા નિયમિત રીતે થતા ફેરફાર (પરિવર્તન) કોઇક વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા-નિયમ નથી તે ચાલ્યા કરે છે.

જગતની દરેક ચીજ હર ક્ષણે પરિવર્તનશીલ છે. અને એક મનુષ્ય તરીકે આ પરિવર્તનમાં આપણે વિશિષ્ટ રીતે અપ્રત્યક્ષ ભાગ લઇએ છીએ. જાણે-અજાણ્યે આપણી સામેલગીરી પરિવર્તન સાથે રહેલી છે. પરંતુ આ પરિવર્તનની પ્રક્રિયા જ્યાં સુધી પ્રાકૃતિક રહે છે, ત્યાં સુધી આપણે એનો સ્વીકાર કરવામાં હિચકિચાટ અનુભવતા નથી જ્યારે એ અનિચ્છિત કે ત્વરિત રીતે ક્રિયારૂપ ધારણ કરે છે, ત્યારે આપણે એનો અસ્વીકાર, પ્રતિકાર કરવા પ્રયત્નો કરીએ છીએ.

મનુષ્યનું મન પરિવર્તનમાં અગત્યનો ભાગ ભજવે છે. મનુષ્યનું મન અજબ શક્તિશાળી છે. તેમાં ઉદ્‌ભવતા વિચારોની પ્રબળ શક્તિ પોતાને અનુકૂળ પરિવર્તન સર્જી શકે છે. અનુકુળ પરિવર્તન એટલે પ્રગતિ પણ હોય શકે અને અવગતિ પણ હોય શકે.

વિધેયક-હકારાત્મક દ્રષ્ટિકોણ પ્રગતિ તરફ લઇ જાય છે જયારે નિષેધાત્મક દ્રષ્ટિકોણ અવનતિની ગર્તામાં ધકેલી દે છે. અને તે દુઃખનું કારણ બને છે. આથી નકારાત્મક વિચારોને દૂર રાખવાથી અને પ્રયત્નપૂર્વક વિધેયક વિચારો કરવાથી મનોવલણ બદલી શકાય છે. મનના વલણ પ્રમાણે ટેવો બદલાય છે. નાનકડી ટેવો દ્વારા જ માણસનું ચારિત્ર્ય ઘડાય છે.

પ્રાકૃતિક પરિવર્તન સાથે તો અનુકૂલન સાધી લઇએ છીએ. સખત ઠંડી કે સખત ગરમીમાં પણ ટકી રહેવાની ક્ષમતા આપણે કેળવી લઇએ છીએ, પરંતુ કુદરતી પરિવર્તન સાથે તાલ મિલાવીને જીવન ટકાવી રાખતો મનુષ્ય દુષિત રૂઢ થયેલો બિનજરૂરી અને નુકશાનકર્તા રીત-રિવાજો, પરંપરા અને માન્યતાઓમાં પરિવર્તન આવતા અકળામણ અનુભવે છે. અવૈદિક, તર્કવિહીન અને અવૈજ્ઞાનિક પરંપરામાં રૂઢ થયેલો મનુષ્ય તંદુરસ્ત, નિર્મળ અને પૌષ્ટિક એવા બુદ્ધિગમ્ય પરિવર્તનને સ્વીકારવાનું જલ્દી પસંદ કરતો નથી. માનવ ઇતિહાસનું આ સત્ય સર્વત્ર એક સમાન જોવા મળે છે.

માણસ માન્યતાઓ ઉપર જીવે છે. માન્યતા વિચારોથી બંધાય છે. આમ માણસ જેવું વિચો છે તેવું જીવન જીવે છે વિચારોમાં નવીનતા ન લાવે તેનું જીવન રૂઢિગત બની જાય છે. રૂઢિગત જીવન એટલે સ્થગિતતા! સ્થગિત થયેલો માનવ કે માનવસમૂહ પરિવર્તનનાં નવા વિચારોથી દૂર રહેવાનું મનોવલણ ધરાવતો હોય છે.

આપણા દેશમાં નવરાત્રિ જેવા તહેવારોને લોકો ઉત્સવ તરીકે ઉજવતા જોઇએ છીએ. મન બહેલાવવા માટે ઉત્સવો ઉજવવા એક વાત છે, પરંતુ તેની પાછળ જે માન્યતાઓ બંધાયેલી હોય તેના પર ચિંતન-મનન-વિચારણા ન કરવી, આ તહેવારોની કોઇ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ છે કે કેમ તે ન તપાસવું, બસ પરંપરાને અનુસરવું બુદ્ધિ ગમ્ય નથી. જો પરિવર્તનનો વિચાર આર્યસમાજી દ્રષ્ટિકોણથી રજુ કરવામાં આવે તો પરંપરાવાદી સમાજ તે નહીં સ્વીકારે એ વાસ્તવિકતા છે.

દરેક માણસ પોતાના વર્તનને જ વાજબી અને ન્યાયી માને છે. ચોરી કરનાર ચોર પોતાની ચોરીને યોગ્ય માને છે, અને લૂટારાઓ પોતાની લૂંટને પણ વ્યાજબી જ ગણે છે. અરે ખૂન કરનાર માણસ પણ પોતાના કૃત્યને ન્યાયી જ ગણતા હોય છે! એટલું જ નહીં સાવ નિર્દોષ માણસોની હત્યા કરનારા આતંકવાદી પણ પોતાના કૃત્યને ક્યારેય હિચકારૂ ગણતા નથી!!

પરંતુ દરેક બનાવની બીજી બાજુ હોય છે. જેને પેલો ગુનેગાર ક્યારેય જોઇ કે સમજી શકતો નથી. આપણા રૂઢિવાદી સમાજની આ જ સ્થિતિ છે. પછી તે ધાર્મિક કાર્યો હોય કે સામાજિક, વ્યક્તિગત હોય કે સામૂહિક દરેકમાં તે પોતે જે માર્ગે ચાલે છે તેને જ યોગ્ય માને છે.

માણસમાં લાગણીની ખેંચતાણ એવી ચાલતી હોય છે કે આવતા ફેરફાર સ્વીકારવામાં તેને અસલામતી લાગે છે. આમ છતાં માણસને બીજા માણસ કરતા ચડિયાતું બનવું છે, એ માટે પોતાની વેશભૂષા, રહેઠાણ, સામાજિક પ્રસંગો વગેરેમાં તે અન્યનું અનુકરણ કરે છે કે તેથી કંઇક નવું કરવા બનતા પ્રયત્નો કરે છે.

ઉપરોક્ત વાસ્તવિકતા માનવજીવનની ખાસિયતોનું નિદર્શન કરે છે. પરંતુ અહીં વિચારવાના છે રૂઢિવાદમાંથી સમાજને બહાર લાવવાના આર્યસમાજ દ્વારા કરવામાં આવતા પ્રયત્નોને.

રૂઢિવાદ એ સ્થગિતતા છે. અને તેને હટાવવો એ પરિવર્તન છે. અને **આર્યસમાજ પરિવર્તનનો પહેરેદાર છે**, આર્યસમાજ વિચાર સ્વાતંત્ર્યને પ્રાધાન્ય આપે છે. રૂઢિવાદીઓમાં વિચાર સ્વાતંત્ર્ય નહીં, વિચાર શૂન્યતાનું પ્રાધાન્ય હોય છે. જે પરાપૂર્વથી ચાલ્યું આવે છે એની પાછળ ઘેટાની માફક ચાલતા રહેવું, કોઇના દોરવાયા દોરવાઇ જવું બસ એજ જીવન!

પરંપરાથી હટીને ચાલનારને લોકો ગાંડા કહે છે. દુનિયા સાથે ચાલવું હોય તો સમતુલા જાળવવી પડે. સમતુલા જાળવવી હોય તો વજન કાંટાની જેમ ગુરુત્વમધ્યમબિંદુ વચ્ચે હોવું જોઇએ. ગાંડા માણસોમાં આ બિંદુ ખસી ગયેલ હોય છે. સમાજ સુધારકો આવા ગાંડા જ ગણાય છે! તેઓ એક ડગલું આગળ ચાલે

છે. દુનિયા એને ગાંડા ગણી અને હેરાન કરે છે, પથ્થરા મારે છે. તલવારના વાર કરે છે, ઝેરનાં પ્રયોગો કરાય છે અને મારી પણ નંખાય છે. જીવનભર પીડા સહન કરી જ્યારે આ દુનિયા છોડી એ સુધારક ચાલ્યો જાય છે ત્યારે દુનિયાને ખબર પડે છે કે એ ગાંડો નહીં પરંતુ આપણાં સર્વ કરતા વિશેષ ડાહ્યો હતો. પરંતુ ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે. પછી જાણે પ્રાયશ્ચિત કરતા હોય તેનાં એના નામનું રટણ, ભજન થાય છે. અને સ્મારકો ખડા કરાય છે.

આર્યસમાજ આવા પાગલોનો સમાજ છે. સંસારની ઉન્નતિનો ભેખધારી છે. ગતિશીલ વિચારનો પથદર્શક છે. વર્તમાજમાં હિન્દુ તરીકે ઓળખાતો સમુદાય 'આર્ય'નું બદલાયેલું-નિમ્ન કોટિએ પહોંચેલુ સ્વરૂપ છે. 'આર્ય' પ્રગતિનું બીજુ નામ છે. શ્રેષ્ઠથી શ્રેષ્ઠતર અને શ્રેષ્ઠતમ તરફ જવાની તત્પરતા, હિન્દુ પણ એ મૂળભૂત સંસ્કાર ધરાવે છે. તેથી જ તો તે પરિવર્તનનો સ્વીકાર અન્ય સાંપ્રદાયિક સમુદાયો કરતાં પહેલાં કરી લે છે. હા, હજુ કેટલાંક શંકરાચાર્યો અને તેમના પગલે ચાલનારાં પંડિતો, કથા-વાર્તાકારો હિન્દુ પ્રજાના વિચાર સ્વતંત્ર્ય પર કાપ મૂકવા પોતાના પ્રભાવનો ઉપયોગ કરતાં રહે છે!

હિન્દુઓમાં સતી થવાની ક્રુરપ્રથાને નાબુદ કરવા ૧૯ મી સદીમાં ચાલેલા આંદોલનને યોગ્ય માનીને તત્કાલીન અંગ્રેજ સરકારે કાયદાનું સ્વરૂપ આપ્યું. એ સમયગાળામાં જ ૧૮૫૭નો વિપ્લવ થયો. ઇતિહાસકારોએ નોંધ્યું કે એ વિપ્લવ થવાના રાજકીય કારણોમાં એક જ સામાજિક કારણ એ પણ હતું કે અંગ્રેજ સરકારે હિંદુઓના આ સતી થવાના રિવાજને અટકાવવાનો કાયદો કર્યો. તેના વિરોધમાં પ્રજાએ બળવો કર્યો! પરંતુ સત્યના વિજયને રોકી શકાતો નથી. આ અને આવા બીજા કાયદાઓ બાલવિવાહ, મહિલા સંપત્તિ અધિકાર, હિંદુ એકટ, દહેજ વિરોધી એકટ, તલાક બાદ મહિલાને ભરણપોષણનો એકટ, વગેરે મેરેજ હિંદુ સમાજે સ્વીકાર્યાં છે, પચાવ્યાં છે અને એ હિંદુ પ્રજાને, પગતિ માટે લાભદાયી નિવડયાં છે. આ સુધારાલક્ષી કાયદાઓમાં આર્યસમાજના સુધાર આંદોલનનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રભાવ રહ્યો છે. પરંતુ આજ દેશમાં રહેતી ઇસ્લામી વિચારધારાની પ્રજાએ સુધારાવાદને લઘુમતિઓ માટે ખતરો ગણીને વિરોધી સૂર કાઢયો છે, મતનાં રાજકારણમાં રાચતા રાજકારણીઓએ ક્યારેય ઇસ્લામ પંથીઓની વૈચારિક સથગિતતાને હટાવવા પ્રયત્નો કર્યા નથી!

દરેક કુટુંબમાં જન્મતા બાળકોને પ્રારંભથી જ કટ્ટરપંથી બનાવાના સંસ્કાર આપવાના બદલે પ્રગતિશીલ વિચારો અપાય તો આતંકવાદ ઉદ્ભવે જ નહીં! પરંતુ બાળકની જે તાજગી હોય છે, તેને રૂઢ સમાજ ખિલવા દેવાની તક આપતો નથી.

સમાન નાગરિક ધારા માટે સર્વોચ્ચ ન્યાયાલયે ત્રણ ત્રણ વખત સરકારને

ટકોર કરી છે. પરંતુ સરકારને રસ નથી. ભારતીય ખ્રિસ્તી સમાજ સમાન નાગરિક ધારા માટે હકારાત્મક વલણ ધરાવે છે. તેઓ ખ્રિસ્તીઓના અંગત કાનૂનો અન્યાયકારી અને અસંગત માને છે. ખ્રિસ્તીધારો ખ્રિસ્તી છૂટાછેડા ધારો, ભારતીય વારસા ધારો એ બધાં જૂના અને આધુનિક સમયની વાસ્તવિકતા સાથે મેળ નહીં ધરાવતા કાયદાઓ છે. ખ્રિસ્તીઓ સ્વયં ૧૯૫૮થી આવાં કાયદાઓમાં પરિવર્તનની માંગણી કરતા રહ્યાં છીએ. મુસ્લિમ સમુદાય આવી ઉદાર વિચારધારા કેમ અપનાવી શકતો નથી!

સર્વોચ્ચ અદાલતે તાજેતરના ચૂકાદામાં સમાન નાગરિક ધારો નહીં ઘડવાના અંગે ખેદ વ્યક્ત કરતાં મુસ્લિમ સમુદાયના પ્રત્યાઘાત પોતાની પરંપરા મુજબ નકારાત્મક રહ્યા હતાં. દિલ્લી જુમા મસ્જિદના ભૂતપૂર્વ ઇમામ અને કટ્ટરવાદી અબ્દુલ્લા બુખારીએ પોતાના પ્રતિભાવમાં કહ્યું કે સમાન નાગરિક ધારો મુસ્લિમનોને અસ્વીકાર્ય છે. મુસ્લિમોના કાનૂનોમાં હસ્તક્ષેપનો વિરોધ કર્યો. શિયા સમુદાયના નેતાએ પણ કહ્યું કે સમાન નાગરિક ધારો એ સર્વશક્તિમાન ઇશ્વરે આપેલા શરિયતમાં સીધા હસ્તક્ષેપ બરાબર છે.

જે સમાજ કે સમુદાય પરિવર્તનથી આટલો દૂર ભાગતો હોય તેની પ્રગતિ થવાની તો માત્ર કલ્પના જ કરવી રહી!

આપણે અગાઉ જોયું તેમ માણસની મૂડી તેનાં વિચારો છે. આજે વિશ્વ એ તબક્કે આવીને ઊભુ રહ્યું છે કે હવે પછી પૈસા, કુળ, શરીરસૌષ્ટવ, શરીરબળ, દેશ, જ્ઞાતિ વગેરે કરતાં પણ વિશેષ પ્રમાણમાં માણસના વિચારો (જ્ઞાન)ની કિંમત થવાની છે. સમયમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. એક નવી ક્રાંતિ આવી રહી છે. એ ક્રાંતિમાં 'જ્ઞાન' માણસની મૂડી બની રહેવાની છે. માણસની ઓળખ ચહેરો નહીં પણ જ્ઞાન બનશે.

મોટાભાગની વ્યક્તિઓ મૌલિક વિચારો ધરાવતી હોય છે. જો એને દબાવી દેવામાં ન આવે તો ક્રાંતિ થઇને જ રહે. પરંતુ કહેવાતા ધર્મગુરુઓ પોતાનો પ્રભાવ જરાય ઓછો થવા દેતા નથી અને રૂઢિવાદને ખાતર-પાણી આપતા રહે છે. પ્રગતિશીલ સમાજની રચના માટે સમયોચિત પરિવર્તનને આવકારવું અનિવાર્ય છે.

આર્યસમાજને પ્રગતિને પર્યાય બનાવવા આર્યનેતાઓ, આર્યવિદ્વાનો, આર્યત્યાગી-તપસ્વીઓ પોતાના ચિંતન વડે માર્ગદર્શક બને. કારણ કે મહર્ષિ દયાનંદે આર્યસમાજ ઉપર ભરોસો રાખવા માનવ સમુદાયને આહ્વાન કર્યુ હતું કે **'જો ઉન્નતિ કરવા ઇચ્છો તો આર્યસમાજ સાથે ચાલો નહીંતર કંઇ પ્રાપ્ત નહીં થાય.'**



– હસમુખ

# જિજ્ઞાસા – સમાધાન

– આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : કેટલાંક વિદ્વાનો વેદોનો સમય પાશ્ચાત્ય વિદ્વાનોના આધારે ૨૦૦૦ કે ૩૦૦૦ વર્ષ ઇ.પૂ. નો માને છે, શું એ બરાબર છે? અને મેકસમૂલર ઋગ્વેદને દુનિયાના પુસ્તકાલયનું સૌથી પ્રાચીન પુસ્તક માને છે, શું મેકસમૂલરની આ માન્યતા યોગ્ય છે? શું આપણે આર્યોએ પણ એ જ પ્રમાણે માનવું જોઇએ?**

**– અનિરૂદ્ધ આર્ય – દિલ્લી**

**નિવારણ :** વેદનો કાળ જ્યારથી માનવ ઉત્પત્તિ થઇ ત્યારથી છે આજે મહર્ષિ દયાનંદની માન્યતા મુજબ કાળગણના કરવામાં આવે તો ૧ અબજ ૯૬ કરોડ, આઠ લાખ ત્રેપન હજાર ૧૧૮ મું વર્ષ ચાલી રહ્યું છે. પશ્ચિમનાં વિદ્વાનો દ્વારા કરવામાં આવેલી વેદોની કાળ ગણના યોગ્ય નથી. કારણ કે તેઓ દ્વારા કરવામાં આવેલ કાળ ગણના નિરાધાર પક્ષપાત યુક્ત અને કપોળ કલ્પના માત્ર છે. એ ગણના માટે તેઓ પાસે કોઇ મજબૂત પ્રમાણ નથી. જ્યારે આપણો લાખો વર્ષ જૂનો ઇતિહાસ સપ્રમાણ મળે છે, ત્યારે તેઓની એ વાતનો સ્વીકાર કઇ રીતે સ્વીકારી શકાય કે અમુક હજાર વર્ષ જૂના વેદો છે? તેઓની વાતોનો માત્ર તેઓ જ સ્વીકાર કરે છે કે જેઓ પોતાના ઋષિઓ, મહાપુરુષોથી પ્રભાવિત નહીં થઇને પાશ્ચયાત્ય સંસ્કૃતિ અને પાશ્ચત્ય વિદ્વાનોના પ્રભાવમાં આવી જતા હોય.

કેટલાંક લોકોની એ વાત નિરાધાર અને અલ્પજ્ઞતાથી ભરેલી છે કે ઋગ્વેદની રચના સૌ પ્રથમ થઇ અને ત્યાર બાદ અન્ય વેદોની થઇ. આવા લોકો અથર્વવેદને ઋગ્વેદ કરતા ઘણા સમય પછીનો માને છે. એ વાતનું પણ તેઓ પાસે કોઇ ચોક્કસ પ્રમાણ નથી.

આપણાં ઋષિઓએ ચારેય વેદોનો સમય એક જ માનેલ છે, એક સાથે જ એક સમયે પરમેશ્વરે ચાર ઋષિઓના હૃદયોમાં ચારેય વેદોનું અલગ-અલગ જ્ઞાન આપ્યું. અર્થાત્ અગ્નિ ઋષિને ઋગ્વેદનું, વાયુ ઋષિને યજુર્વેદનું, આદિત્ય ઋષિને સામવેદનું, અંગિરા ઋષિને અથર્વવેદનું જ્ઞાન આપ્યું. ઋષિઓએ એમ નથી લખ્યું કે ચારેય વેદની ઉત્પત્તિ અલગ-અલગ સમયમાં થઇ. આપણને વેદ અને ઋષિઓના અનેક પ્રમાણ મળે છે, જેનાથી જાણી શકાય છે કે ચારેય વેદ એક જ સમયમાં ઉત્પન્ન થયાં જેમકે:

यस्मिन वेदा निहिता विश्वरूपा:।

(अथर्व - ४.३५-६)

ब्रह्म प्रजापतिर्धाता लोका वेदा: सप्त ऋषयोग्नय: (अथर्व: १९.९.१२)

આ બંને મંત્રોમાં શબ્દનું બહુવચન શબ્દ પ્રયોજાયેલ છે. આ શબ્દ ચારેય વેદોના સંકેત કરે છે.

तस्माद्यिज्ञात्सर्वहुत: ऋच: सामानि जज्ञिरे।

छन्दांसि जज्ञिरे तस्माद् यजुस्तमादजायत।।

(ऋग्वेद : १०९०९) (यजु- ३१.७)

यस्मादृयो अपातदन् यजुर्यस्मादपाकषन्।

सामानि यस्य लोमान्यथर्वाङ्गिरसो मुखम् -
स्कम्भं तं ब्रूहि कतमः स्विदेव सः ।।
(अथर्व-१०.७.२०)
स्तोमश्च यजुश्चऽऋक् च साम च बृहच्च रथन्तरञ्च ।(यजु - १८.२९)
ऋचो नामास्मि यजुंषि ।
नामास्मि सामानि नामास्मि । (यजु-१०.६७)
स उत्तमां दिशमनुव्यचलत् ।
तमृचश्च सामानि च यजूंषि ब्रह्म चानुव्य चलवत् । (अथर्व - १५.६.७-८)
एवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसितमेतद् ।
यदृग्वेद यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गरिसः ।।
(श.ब्र.-१४.५.४.४० और बृहदुप-३५.३४.१०)
तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः
(मु. ५.१.१.५)

વગેરે વેદ અને ઋષિઓના અનેક પ્રમાણો એ સિદ્ધ કરે છે કે ચારેય વેદોનો સમય એક જ છે.

તમે મેકસમૂલરની માન્યતાની બાબતમાં જાણવા ઇચ્છો છો કે તેમની માન્યતા બરાબર છે કે નહીં. મેકસમૂલર કહેવાતા ભાષાશાસ્ત્રના આધારે વેદોની રચનાનો સમય/સંભાવના સર્વપ્રથમ ઇ.સ. ૧૮૮૯ માં પ્રકાશિત પોતાના પુસ્તક - <u>એ હિસ્ટ્રી ઓફ એશિયા સંસ્કૃત લિટરેચર</u> માં વ્યક્ત કરી હતી. તેમની આ કાળ ગણના કોઇ તથ્ય પર આધારિત નહીં પણ વિશુદ્ધ કલ્પના પર આધારિત હતી, પરંતુ આ માન્યતાને એટલી વખત બેવડાવી કે ત્યાર પછીના સમયમાં આધુનિક ઇતિહાસકારોમાં વિના વિચારે સ્થાપિત કરાવવા જેવું થવા લાગ્યું. પરંતુ મેકસમૂલરે પોતે સન્ ૧૮૮૯માં 'જિફોર્ડ વ્યાખ્યાન માળા' દરમ્યાન પોતાના આ મતંવ્ય પર શંકા વ્યક્ત કરી હતી. અને હિયટની જેવા પશ્ચિમિ અને પ્રો. કુંજન રાજા સમાન ભારતીય ઇતિહાસકારોએ પણ મેક્સમૂલરના ભાષા શાસ્ત્રના આધારે વેદોના કાળ અંગેના મતનું જોરદાર ખંડન કર્યુ હતું. બીજું, જે મેકસમૂલર ઋગ્વેદને દુનિયાનું સૌથી જૂનું પુસ્તક કહે છે, તેમની એ વાત વેદોની રચનાની બાબતમાં ભ્રમ ફેલાવવાના હેતુ માટે કહી હોય તેવું જણાય છે. ઋષિઓ-મહર્ષિઓના વચનોના આધારે આર્યસમાજની દૃઢ માન્યતાથી વિપરીત મેક્સમૂલર અને પશ્ચિમીં ઇતિહાસકારો વેદનો ક્રમિક વિકાસ સિદ્ધ કરે છે, જેથી વેદ ઇશ્વરીય જ્ઞાન નહીં, પરંતુ માનવીય રચના સિદ્ધ થઇ શકે.

આ સમસ્ત પ્રસંગને મેકસમૂલરના એ માન્યતાઓના સંદર્ભમાં પણ જોવો જોઇએ કે તેઓ વેદોને બાઇબલ કરતા નીચલી શ્રેણીમાં માને છે. કેથોલિકકોમન વેલ્થમાં આપેલા એક સાક્ષાત્કારમાં પ્રશ્ન પૂછવામાં આવ્યા કે વિશ્વમાં કયો ધર્મગ્રન્થ સર્વશ્રેષ્ઠ છે તો મેક્સમૂલરે કહ્યું -

"There is no doubt, however, that ethical teachings are far more prominent in the old and new Testament than in any other

sacred book." He also said "It may sound prejudiced, but talking all in all, I say the New Testament. After that, I should place the Quran which in its moral teachings in hardly more tha a leter editon of the New Testament. Than would follow............... according to my opinion, the old Testament, The southern Budhhist Tripitika......................... The Veda and the Avesta." (LLMM, Vol. II, PP. 322 - 323)

અર્થાત્ એમાં કોઇ શંકા નથી કે કોઇ પણ ગ્રન્થ પવિત્ર પુસ્તકની તુલનામાં (ઇસાઇઓના ધર્મગ્રંથ) ઓલ્ડ અને ન્યુ ટેસ્ટમેન્ટમાં નૈતિક શિક્ષણ મુખ્ય રીતે રહેલું છે. તેણે એ પણ કહ્યું - આ વાત ભલે પક્ષપાત યુક્ત લાગે, પરંતુ તમામ પાસાઓને જોઇએ કહું છું કે ન્યૂ ટેસ્ટામેન્ટ સર્વોત્તમ છે. એના પછી કુરાનને સ્થાન આપું છું કે જેમાં રહેલ નૈતિક શિક્ષણમાં ન્યૂ ટેસ્ટામેન્ટના નવીન સંસ્કરણની લગભગ નજીક છે ત્યાર પછી મારા વિચાર મુજબ ઓલ્ડ ટેસ્ટામેન્ટ (યહુદીઓનો ધર્મગ્રન્થ), ધ સર્ધન બુદ્ધિસ્ટ ત્રિપટિકા (બૌદ્ધનો ધર્મગ્રન્થ), ત્યાર પછી વેદ અને અવેસ્તા (પારસીઓનો ધર્મગ્રન્થ) છે.

આથી આર્યોએ વેદના સંદર્ભમાં મેકસમૂલર જેવાં લોકોના મતને ટાંકવાથી (અવતરણ લેતા) બચવું જોઇએ. એના બદલે ઋષિઓ-મહર્ષિઓના મતને રજુ કરવો જોઇએ. પરંતુ જો કોઇ આર્ય વેદોની પ્રાચીનતા સિદ્ધ કરવા માટે મેકસમૂલરને એ રીતે ટાંકે કે મેકસમૂલર પણ વેદોની પ્રાચીનતાની બાબતમાં એક સાયનો અસ્વીકાર ન કરી શકયો, તેને પણ ઋગ્વેદને પ્રાચીનતમ પુસ્તક સ્વીકાર કરવુ પડયું. તો એ રીતે પોતાની વાત રાખી શકે છે.

---

અનુસંધાન પાના નં. ૯ પરનું ચાલુ...

**અંદ્ધવિશ્વાસ અને તેનું નિવારણ**

ટીપાં નીચે વહેવાનો રસ્તો બનાવી લે છે. ચમચીમાં વધેલું બાકીનું દૂધ પોતાના રસ્તે ધીરે-ધીરે પડવા લાગે છે અને વહી જાય છે. ત્યારે એવું લાગે છે કે મૂર્તિએ દૂધ પી લીધું. પરંતુ આ પ્રક્રિયાને વિજ્ઞાનમાં SARFACE TENSION કહે છે. સફેદ દૂધ, સફેદ મૂર્તિ અને સફેદ ફર્શનો ઢાળ અને તેનો અંતિમ છેડો નાલી (ગટર)માં મળે છે. એ જ રીતે દૂધથી ભરેલ ચમચી મૂર્તિને લગાડી હાથ હલાવવાથી ચમચી ખાલી થઇ જાય છે. ચમચી પકડનાર વ્યક્તિની નજર ચમચીમાં જ લાજેલી હોય છે અને ચમચીમાં દૂધ એટલું ઓછું હોય છે જે વહેતું દૂધ દેખાતુ નથી. અંધશ્રદ્ધાના કારણે શ્રદ્ધાળું એટલો અંધ બની જાય છે કે જોઇ કોઇ બીજી વ્યક્તિ તેનો વાસ્તવિકતા બતાવે તો તે તેને જ નાસ્તિક કહી દે છે.

જડ વસ્તુમાં ચેતન પ્રાણીની જેમ ભૂખ, તરસનો અનુભવ થતો નથી. ભારતના અનેક નામી વૈજ્ઞાનિકો એ સ્પષ્ટ કહ્યું કે મૂર્તિએ દૂધ પીધુ નથી.

# અંધવિશ્વાસ અને તેનું નિવારણ

- મદન રહેજા

**અંધ વિશ્વાસ - પથ્થરની ગણપતિની મૂર્તિએ દૂધ પીને આખી દુનિયા ચકિત કરી દીધી.**

**નિવારણ -** ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ આ બનાવે આખી દુનિયાને ચકિત કરી દીધી કે ગણપતિ દેવતા દૂધ પી રહ્યા છે.

માણસે એટલી ઉન્નતિ કરી છે કે તે ચંદ્ર ઉપર પોતાના કદમ માંડી આવ્યો છે અને અન્ય ગ્રહો ઉપર પહોંચવાની તૈયારી કરી રહ્યો છે. એટલું જ નહીં, અંતરિક્ષમાં મકાન બનાવવા પણ પ્રયત્નશીલ છે. ત્યારે અંધવિશ્વાસી લોકોએ પોતાની અજ્ઞાનતાના કારણે ગણપતિની પ્રતિમા દૂધ પીએ છે એવો ચમત્કાર બતાવીને વિશ્વભરમાં પોતાની જ મશ્કરી કરાવી.

સંસારના ઇતિહાસમાં આવી હાસ્યાસ્પદ ઘટના આજ સુધીમાં બની નથી કે પથ્થરની મૂર્તિ દૂધની તરસી થઇ ગઇ અને ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ ગુરુવારના એ અફવા ફેલાઇ ગઇ કે તમામ મંદિરોમાં ગણપતિની મૂર્તિઓ ચમચી વડે દૂધ પીએ છે અને તમામ ભક્તો કામ ધંધા છોડીને મંદિરો તરફ ભાગવા લાગ્યાં. લોકોએ દૂધ લાવીને ગણેશજીની મૂર્તિની સૂંઢમાં દૂધ પીવડાવ્યું. પરંતુ માત્ર ચમચીથી. કમાલની વાત એ હતી કે તમામ મૂર્તિઓ (ગણપતિ, શંકર, પાર્વતી, નંદી તથા શિવજીના ગળામાં લપેટાયેલા સાપ)એ પણ દૂધ પીધું. એટલું જ નહીં દિવંગત આત્માઓના ફોટા અને ગુરુઓની મૂર્તિઓને પણ કેટલાંક લોકોએ બહુ જ શ્રદ્ધા અને ભક્તિથી ચમચી વડે દૂધ પીવડાવ્યું.

આ અફવાને લોકોએ ટેલિફોન, ફેક્સ તથા ઇ-મેઇલથી દેશ-વિદેશમાં એક-બીજાને પહોંચાડી. ટીવી. પર પણ આ સમાચાર બતાવવામાં આવ્યાં. અરે! બી.બી.સી. એ પણ સમાચાર આપ્યા કે ભારતમાં હિન્દુઓના ભગવાન ગણપતિની મૂર્તિઓ દૂધ પી રહી છે.

આમ, વિદેશથી પણ સમાચાર આવવા લાગ્યા કે જ્યાં-જ્યાં ભારતીઓ રહે છે, ત્યાં-ત્યાં ગણપતિ દૂગ્ધપાન કરી રહ્યાં છે. !

શું ખરેખર ગણપતિની મૂતિએ દૂધ પીધું? શું ગણપતિ દૂધ પી શકે ? જો ગણપતિએ દૂધ પીધું તો તે ક્યાં ગયું? ગણપતિએ માત્ર દૂધ જ પીધું?

માત્ર અંધવિશ્વાસથી આવી વાતોનો સ્વીકાર કરવો એ આજના યુગમાં સ્વીકાર્ય નથી. આવી ઘટનાઓને વિજ્ઞાનની દૃષ્ટિથી જોવી જોઇએ. પાણી, દૂધ વગેરે પ્રવાહી પદાર્થ છે. તેનું એક લક્ષણ એ છે જ્યાં ઢાળ હોય ત્યાં પોતાનો રસ્તો બનાવીને વહેવા લાગે છે. પહાડમાંથી નીકળતા ઝરણા નદીઓના રૂપમાં વહીને સમુદ્ર સુધી પહોંચે છે. જે આ સિદ્ધાન્તનું ઉદાહરણ છે.

આરસની મૂર્તિઓ સફેદ અને ચીકણી હોય છે અને દૂધ સફેદ અને ચીકણું હોય છે. જ્યારે દૂધથી ભરેલી ચમચી ગણપતિની સૂંઢ, દાંત કે કોઇ પણ જગ્યાએ લગાવવામાં આવે છે અને ચમચીને લગતા જ નીચે પડવા લાગે છે. દૂધનાં કેટલાંક

અનુસંધાન પાના નં. ૯ પર

# ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્યસમાજના પદાધિકારીઓ અને સદસ્યો માટેની ચિંતન શિબિર (પંચમ) યોજાઈ.




ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ગુજરાતની આર્યસમાજોનાં પદાધિકારીઓ અને સદસ્યો માટે દર વર્ષે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ શિબિરથી કાર્યકર્તાઓમાં નવી ઉર્જાનો સંચાર થાય છે, અને પોતાનાં ક્ષેત્રોમાં વૈદિક સંદેશ જન-જન સુધી પહોંચાડવા નવા સંકલ્પનું ભાથુ મેળવે છે.

ચિંતન શિબિરમાં આર્યસમાજી તરીકેના કર્તવ્યોને કેન્દ્રમાં રાખી વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવે છે, જેમાં ઉપયોગી માર્ગદર્શન માટે વિદ્વાનોને આમંત્રણ અપાય છે.

ચાલુ વર્ષનો ચિંતન શિબિર તા. ૭-૮-૯ જૂન ૨૦૧૭ ના શ્રી સુરેશચંદ્રજીના ફાર્મ હાઉસ (૧૦૦ એકર કલબ-વિંછિયા, સાણંદ) ખાતે શહેરી ઘોંઘાટથી દૂર પ્રાકૃતિક વાતાવરણમાં યોજાઇ ગયો. ૭૦ જેટલાં શિબિરાર્થીઓને મુખ્ય ચાર વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું. માર્ગદર્શન માટે ડૉ. શિવદત્ત પાંડે (સુલતાનપુર, ઉ.પ્ર.) તથા પં. રામસ્વરૂપજી (અજમેર) ઉપસ્થિત રહ્યાં હતાં.

શિબિરના વિષયો હતા:

૧. આર્યસમાજનો અતીત, વર્તમાન અને ભવિષ્ય.
૨. ગુજરાતમાં આર્યસમાજ (સન્ ૧૯૪૭ પહેલા અને પછી)
૩. આર્યસમાજનો સિદ્ધાંત પક્ષ (નિયમ) અને આર્યોનો વ્યવહાર
૪. કાર્યકર્તા નિર્માણ કઇ રીતે થઇ શકે?

ત્રણ દિવસમાં કુલ ૧૭ બેઠકો રાખવામાં આવેલ હતી. પ્રથમ બેઠકનો પ્રારંભ ઇશ્વર સ્તુતિ, પ્રાર્થના, ઉપાસનાનાં મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યો. દીપ પ્રાગટ્ય સભા પ્રધાન અને વિદ્વાનોના શુભ હસ્તે કરવામાં આવ્યું. આ બેઠકમાં શિબિરનો ઉદ્દેશ્ય, શિબિરાર્થી પરિચય, વ્યવસ્થા સંબંધી જરૂરી માહિતી વગેરે જણાવવામાં આવ્યાં. બાકીની બેઠકોમાં વિષયોની ચર્ચા અને ચિંતન કરવામાં આવ્યું. તમામ બેઠકોમાં વિષયની

ભૂમિકા, વિદ્વાનોનું માર્ગદર્શન અને શિબિરાર્થીના પ્રશ્નોનું સમાધાન રાખવામાં આવ્યાં.

શિબિરના પૂર્ણાહૂતિ દિવસે મૂલ્યાંકન કસોટી રાખવામાં આવી. પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી અને આચાર્ય જ્ઞાનેશ્વરજીનું ઉપયોગી માર્ગદર્શન મળ્યું.

સમગ્ર શિબિરનું સંચાલન અને સંકલન સભામંત્રી હસમુખભાઇ પરમારે કર્યુ. શિબિરમાં આવાસ-ભોજનની ઉત્તમ - અવિસ્મરણીય વ્યવસ્થા સભાપ્રધાન શ્રી સુરેશચંદ્રજી દ્વારા કરવામાં આવી.

**ચિંતન શિબરના કેટલાંક શિબિરાર્થીનાં વિચારો :**

o શિક્ષણમાં વેદ-સંસ્કૃત વિષયને ફરજિયાત ભણાવવા જોઇએ.

- વાસંતીબેન ઠાકર (રાજકોટ)

o દયાનંદે કહ્યું આચાર પરમોધર્મ, આર્યો સમર્પણ ભાવ જગાવે.

- શશાંકશેખર આર્ય (ધ્રાંગધ્રા)

o આર્યસમજની યજ્ઞશાળા, પ્રાર્થનાખંડનું વાતાવરણ પવિત્ર અને આધ્યાત્મિકતા જગાડનારૂ હોવું જોઇએ. - અશોક પરમાર (ટંકારા)

o જો આર્યસમાજની સ્થાપના વહેલી થઇ હોત તો દેશની પરિસ્થિતિ જુદી હોત. મહમદ અલી ઝીણાના દાદા પુંજા ઠક્કરને ઇસ્લામ ગ્રહણ કરાવવામાં અને પુનઃહિન્દુ ન બનવા દેવામાં હિન્દુ ધર્મ ગુરુ જવાબદાર છે. જો તે સમયે (સન્ ૧૮૩૧) આર્યસમાજ હોત તો પુંજા ઠક્કરને શુદ્ધ કરી દેત અને મહમદ અલી ઝીણા મુસ્લિમ ન હોત પણ ઠક્કર (હિન્દુ) હોત અને પાકિસ્તાન ન બનત. - એચ. કે. મોતીવરસ (પોરબંદર)

o આર્યસમાજનાં કાર્ય માટે સદાય તત્પર રહીએ.

- નટવરસિંહ પરમાર (રાજકોટ)

o આર્યસમાજનો ભૂતકાળ ભવ્ય હતો કેટલીક બાબતોમાં આપણે આગળ વધ્યા છીએ તો કેટલીક બાબતોમાં પાછા પડયા છીએ.

- સંજય પ્રજાપતિ (ઓઢવ, અમદાવાદ)

o પેઢી-દર-પેઢી આર્યસમાજી તૈયાર થવા જોઇએ. આ માટે યુવકો આવા આયોજનમાં વધુ સંખ્યામાં હાજર રહે તેવાં પ્રયત્નો થવા જોઇએ.

- પ્રિયંકા શિવદત્ત પાંડે (સુલતાનપુર, ઉ.પ્ર)

o આપણામાં આધ્યત્મિકતા જગાડીએ, કૃણ્વન્તો સ્વયં આર્યમ્, પરિવાર આર્યમ્, સમાજ અને વિશ્વમાર્યમ્ એ ક્રમથી આગળ વધીએ. ઘર-ઘર યજ્ઞનું આયોજન થાય, ગામે ગામ આર્ય વિદ્યાલય સ્થપાય એ જરૂરી છે. - સુરેશચંદ્ર આર્ય, સભાપ્રધાન (અમદાવાદ)

**ચિંતન શિબરમાં વિદ્વાનોનાં વિચારો :**

– જે બદલે તેમ નથી. તેમાં શક્તિ ન વેડફીએ, જે બદલી શકે તેમાં શક્તિ લગાવીએ. આર્યસમાજનાં નિયમો માનવમાત્રને એકસૂત્રતામાં બાંધી શકે તેવાં છે, શ્રદ્ધા વિના આત્મા આનંદ પ્રાપ્ત ન કરી શકે. સાપ્તાહિક સત્સંગમાં બાળકો, કિશોરો, યુવકો ૫-૭-૧૨ મિનિટનો સમય આપવો. દરેક આર્યસમાજો કુમારો/કુમારી દલ, આર્યકુમાર/કુમારી સભાની રચના કરવી. – પં. રામસ્વરૂપજી (અજમેર)

– આર્યસમાજ માટે ઓછામાં એક કલાક આપીએ સંસાર ઇશ્વરનું ઘર છે, આપણે તેના પ્રવાસી છીએ આવાસી નહીં બાળકના કિલકિલાટમાં ઇશ્વર પ્રગટ થાય છે, પત્નિ-પતિનું સમર્થન કરે તો તેમનું સંતાન તેમનું અનુકરણ કરશે. વડીલો યુવાનો માટે ઉદાહરણ બ ન .

– ડૉ. શિવદત્ત પાંડે-સુલતાનપુર (ઉ.પ્ર)

– કટાક્ષની ભાષા ન વાપરવી, દોષ દર્શન ન કરવું, લક્ષ્ય ઊંચુ રાખવું, માત્ર જ્ઞાન નહીં સાથે સાહસ-શક્તિ-સાધન જરૂરી છે. આર્યસમાજ આંદોલન છે, આપણે આંદોલનકારી છીએ. આર્યસમાજના અધિકારી પોતાના પરિવાર-વ્યવસાયથી નિવૃત્ત હોવા જોઇએ. કાર્યકર્તાએ તપસ્વી વિનમ્ર, સહનશીલ બનવું. વિધર્મીઓને આર્યસમાજમાં બોલાવવા અથવા આપણે તેમનાં સુધી પહોંચવું જોઇએ. સ્વયં આર્યબનીએ સમાજને આર્ય બનાવીએ. – આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્ય – રોજડ

– દેવયજ્ઞના ચાર ચરણ છે – સંકલ્પ, વરણ, સંવાદ, સ્વાહા. આને આર્યસમાજના સંચાલનમાં સ્થાન આપીએ. સંકલ્પ = કામ કરવાનો નિશ્ચય કરવો, વરણ = કામના સાધનોની પસંદગી કરવી, સંવાદ = સાધનોનું રક્ષણ – સારા સ્વચ્છ સાધનો વસાવવા, સ્વાહા = કામ કરવામાં સમર્પિત ભાવ હોવો જોઇએ.

– કમલેશકુમાર શાસ્ત્રી – અમદાવાદ

અનુસંધાન પાના નં. ૧૭ પરનું ચાલુ...

**આર્યવીર દળ ટંકારાનો ૩૪ મો**

પરિવારને ઉપયોગી બને છે અને ભવિષ્યમાં સમાજનો આદર્શ નાગરિક બને છે. ડૉ. પાંડેજીએ જણાવ્યું કે દરેક આર્યવીરોએ આર્યસમાજને સંસ્કાર માતા માનીને તેની સેવામાં તત્પર રહેવું જોઇએ.

કાર્યક્રમના અંતમાં માઇન્ડ પાવર (આંખે પાટા બાંધીને રંગ, અક્ષર ઓળખવા)નું નિદર્શન કરવામાં આવ્યું.

આ પ્રસંગે બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખ રણજીતસિંહ પરમાર અને આર્યસમાજ રાજકોટના મંત્રી પ્રવીણભાઇ ઠાકર તથા સદસ્યો, આર્યસમાજ ટંકારાના પ્રમુખ અમૃતભાઇ બુદ્ધદેવ, મંત્રીશ્રી હસમુખભાઇ પરમાર, વરિષ્ઠ સદસ્ય ભગવાનજીભાઇ ભીમાણી તેમજ સભાસદો હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન આર્યવીર હિમાંશુ જોષીએ અને આભાર વિધિ આર્યવીર દળ ટંકારાના અધિષ્ઠાતા પરેશભાઇ કોરીંગાએ કર્યુ હતું.

# આર્યવીર દળ ટંકારાનો ૩૪ મો સ્થાપના દિવસ ઉજવાયો




આર્યસમાજ ટંકારા દ્વારા કિશોરો અને યુવકોના ચરિત્ર નિર્માણ માટે સન્ ૧૯૮૪માં આર્યવીર દળની સ્થાપના કરવામાં આવી હતી. જેનો ૩૪મો સ્થાપના દિવસ તા. ૧૧ જૂન ૨૦૧૭ના રોજ ઉજવવામાં આવ્યો. જેમાં મુખ્ય વક્તા તરીકે આચાર્ય ડૉ. શિવદત્ત પાંડે (સુલતાનપુર-ઉત્તરપ્રદેશ) ઉપસ્થિત રહ્યાં હતા.

આર્યવીર દળ ટંકારા પોતાના સ્થાપના કાળથી ઉત્તરોત્તર પ્રગતિના પંથે અગ્રસર છે. જેના દ્વારા દર વર્ષે નવા આર્યવીરોને જોડવા, સ્થાનીય શિબિરો દ્વારા પ્રશિક્ષિત કરવા, રાષ્ટ્રીય ભાવના પ્રેરિત જાહેર કાર્યક્રમો યોજી સમાજના તમામ વર્ગોને જોડવા, સેવાકીય પ્રવૃતિઓમાં સહભાગી બનવું, સંસ્કૃતિ રક્ષા માટે સદાય તત્પર રહેવુ વગેરેથી ટંકારા અને આસપાસના ગામોમાં આર્યવીર દળની એક ઓળખ ઊભી થઇ છે.

છેલ્લા ૩૪ વર્ષમાં આર્યવીર દળ દ્વારા સેંકડો બાળકોના જીવનનું ઘડતર થયું છે, અને તેથી તેમના માતા-પિતાના આશીર્વાદ આર્યવીર દળ ટંકારાને મળતા રહે છે.

૩૪ માં સ્થાપના દિવસની ઉજવણીનો પ્રારંભ યજ્ઞથી કરવામાં આવ્યો. જેના યજમાન પદે પણ નવપરણિત આર્યવીર દંપતીને બેસાડવામાં આવે છે, જે પરંપરાનું નિર્વહન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં શૈક્ષણિક સત્ર ૨૦૧૬-૧૭માં ઉતિર્ણ ધો. ૧ થી કોલેજ સુધીના આર્યસમાજ ટંકારા સદસ્ય સંતાન અને આર્યવીર-આર્યવીરાંગનાઓ તથા આર્યસમાજ ટંકારા દ્વારા શરૂ કરવામાં આવેલ વૈદિક પાઠશાળાનાં બાળકોને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. ત્યાર બાદ આર્યવીર-આર્યવીરાંગનાઓએ આર્યસમાજ અને આર્યવીર દળના સ્વાનુભવો વર્ણવ્યા અને પોતાના જીવન ઘડતરમાં આર્યસમાજનું યોગદાન જણાવી આભાર માન્યો.

કાર્યક્રમમાં ઉપસ્થિત આચાર્ય રામદેવ શાસ્ત્રી (પ્રાચાર્ય ઉપદેશક મહાવિદ્યાલય-ટંકારા)એ આર્યસમાજનું માનવ સમાજને યોગદાન સમજાવી વેદો તરફ પાછા વળવા જણાવ્યું.

મુખ્ય વક્તા ડૉ. શિવદત્ત પાંડેએ પોતાની આગવી શૈલીમાં આર્યવીર દળને આર્યસમાજનું સંતાન બતાવ્યું. અને તેના માટે જે કંઇ કરવામાં આવે તે ઓછું છે તેઓએ જણાવ્યું કે સાચો આર્યવીર તે છે કે જે પોતાના માતા-પિતાનો આજ્ઞાકારી છે.

અનુસંધાન પાના નં. ૧૬ પર

# આર્યસમાજ ભરૂચનો ૧૨૫મો સ્થાપના દિવસ ઉજવાયો

આર્યસમાજ ભરૂચની સ્થાપના ૧૨ જૂન ૧૮૯૨ના રોજ થઇ હતી તત્પૂર્વ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પોતાની ગુજરાત યાત્રા દરમ્યાન ડિસેમ્બર ૧૮૭૪ માં ભરૂચમાં પર્દાપણ કર્યુ હતુ, અને લોકોને વેદજ્ઞાન પિરસ્યું હતું. તત્કાલીન મહાનુભાવો બ્રિજભૂષણદાસ નાણાવટી, નગીનદાસ શાહ, છોટાલાલ દૂધવાળા વગેરેએ ભરૂચમાં આર્યસમાજની વૈદિક વિચારધારાને વેગ આપ્યો હતો.

વર્તમાનામાં મનસુખભાઇ ગાંભવા (પ્રમુખ), નાથુભાઇ ડોડિયા (મંત્રી), ભાવેશભાઇ મેરજા, પરેશભાઇ કટારિયા વગેરેની સેવાનો લાભ આર્યસમાજને મળે છે.

૧૨૫માં સ્થાપના દિવસ નિમિત્તે તા. ૧૧ અને ૧૨ જૂન ૨૦૧૭ સ્વામી વિવેકાનંદની પરિવ્રાજકની વેદકથાનું આયોજન કરવામાં આવેલ હતું. સ્પોર્ટ કોમ્પ્લેક્ષનો સભાખંડ, જી. એન. એફ. સી. ટાઉનશીપ, નર્મદાનગર, ભરૂચ ખાતે આયોજિત કાર્યક્રમનો લાભ નગરજનોએ બહોળી સંખ્યામાં લીધો હતો.

વેદકથાના માધ્યમથી સ્વામીજીએ માનવ જીવનનું મુખ્ય લક્ષ્ય મોક્ષની સરળ શૈલીમાં સમજૂતિ આપી હતી. યજુર્વેદના ૪૦માં અધ્યયાનનાં પ્રારંભિક મંત્રોની દાર્શનિક વ્યાખ્યા કરીને ત્રણ અનાદિ પદાર્થો પરમાત્મા, જીવ અને પ્રકૃતિનું પ્રતિપાદન કર્યુ હતું. સ્વામીજીએ કર્મનો સિદ્ધાંત, કર્મના પ્રકાર અને નિષ્કામ કર્મ સમજાવ્યું હતું. સ્વામીજીએ શંકા સમાધાન કરી સૌને તરબોળ કર્યા હતા.

વેદકથાના પ્રારંભે બ્ર. ઇશ્વરાનંદજી દર્શનાચાર્ય (રોજડ)એ રસપ્રદ અને પ્રભાવશૈલીમાં વેદોમાં ઇશ્વરનું સ્વરૂપ, મહત્વ અને ઉપાસના સમજાવી. જપવિધિ કરાવી હતી.

બીજા દિવસના સત્રનો વિષય હતો મહર્ષિ દયાનંદનું યોગદાન. જેનો પ્રારંભ હસમુખભાઇ પરમાર (મંત્રી ગુજરાત પ્રા. આ. પ્રતિ. સભા) ટંકારાના પ્રવચનથી થયો હતો. જેમાં તેમણે મહર્ષિ દયાનંદ અને આર્યસમાજની સ્થાપના ઉદ્દેશ્ય તથા આર્યોના કર્તવ્ય વિશે ભાવપૂર્ણ તથા સશક્ત શૈલીમાં વર્ણન કર્યુ હતું.

ત્યાર બાદ બ્ર. ઇશ્વરાનંદજીએ આર્યસમાજની માન્યતાઓ, ફલિતજ જ્યોતિષનું પાખંડ વગેરે સરળ ભાષામાં સમજાવ્યાં હતા. સ્વામી વિવેકાનંદજી અને મહર્ષિ દયાનંદના યોગ વિષયક વિચારો સમજાવ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન પરેશભાઇ કટારિયાએ કર્યુ હતું.

# વિશ્વપર્યાવરણ દિવસની ગુજરાતની આર્યસમાજો દ્વારા ઉજવણી.



પમી જૂન વિશ્વપર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાતની અનેક આર્યસમાજો દ્વારા જાહેર સ્થળોએ અગ્નિહોત્ર (યજ્ઞ)નું આયોજન કરવામાં આવ્યું. અને લોકોના હસ્તે આહુતિ અપાવી પર્યાવરણ શુદ્ધિમાં સહયોગી બનાવ્યાં. લોકોને યજ્ઞનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું.

વિવિધ આર્યસમાજો દ્વારા સંપન્ન થયેલ પર્યાવરણ શુદ્ધિ યજ્ઞના સંક્ષિપ્ત સમાચારોનું સંકલન નીચે મુજબ છે.

૦ આર્યસમાજ, હાથીખાના રાજકોટ દ્વારા શહેરના ત્રણ સ્થળોએ ૧. કર્મયોગી એજ્યુકેશન ફાઉન્ડેશન, ન્યૂ માયાણનગર, ૨. સિદ્ધિવિનાયક, ગણેશ મંદિર, મવડી રોડ. ૩. લાફિંગ ક્લબ, રેસકોર્સ પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સેંકડો નર-નારીએ હાજર રહી આહુતિઓ આપી. આ પ્રસંગે લોકોને પર્યાવરણ શુદ્ધિ રાખવામાં અગ્નિહોત્રનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું.

૦ આર્યસમાજ, ટંકારા દ્વારા કષ્ટભંજન બાલાજી મંદિર, રાજકોટ-મોરબી હાઈવે ખાતે સવારે ૮ થી ૧૧ તથા ચિત્રકુટધામ, ઉમગણાનાકા ખાતે સાંજે ૪ થી ૭ સુધી પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સેંકડો લોકોએ આહુતિઓ આપી. આ પ્રસંગે યજ્ઞમાં ગાયના ઘી તથા હવન સામગ્રીના દ્રવ્યોનું મહત્વ સમજાવવામાં આવ્યું.

૦ આર્યસમાજ, સુરેન્દ્રનગર દ્વારા વાઘેશ્વરી સોસાયટી, હનુમાન મંદિર, દાલમિલ રોડ, સુરેન્દ્રનગર ખાતે લગભગ ૭૦ લોકોને પર્યાવરણ શુદ્ધિ યજ્ઞમાં આહુતિ આપી. આ સમયે લોકોને યજ્ઞનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. તેમજ આગામી દિવસોમાં અલગ-અલગ સોસાયટીઓમાં ૨૧ સ્થળે પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી.

૦ આર્યસમાજ, જૂનાગઢ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ સંગઠનોએ સહયોગ આપ્યો હતો. લોકોને યજ્ઞનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું.

૦ આર્યસમાજ, નડિઆદ દ્વારા રામદેવપીર મંદિરના પ્રાંગણમાં ડભાણ ગામ

(તા. નડિઆદ) ખાતે પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. જેના યજમાન પદે સી. પી. આઇ. પરમાર સાહેબ બિરાજેલ હતાં. આ યજ્ઞમાં ડભાણ ગામના આગેવાનો અને જાહેર જનતા હાજર રહેલ. દરેકના હસ્તે આહુતિ અપાવી યજ્ઞનું પર્યાવરણ શુદ્ધિમાં મહત્ત્વ સમજાવવામાં આવેલ હતું. તેમજ વિશ્વની પ્રથમ સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિ છે. જેને ઋષિ મુનિઓએ આપણાં સુધી પહોંચાડી છે તે સમજાવ્યું હતું.

o **ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા** સમાજ ભવનમાં વિશ્વ કલ્યાણ યજ્ઞ, હવન સામગ્રીનું પ્રદર્શન તેમજ ઉજજવલા ગેસ લાભાર્થીઓને ગેસ વિતરણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને આણંદ જિલ્લા કલેકટર ધવલભાઇ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઇ પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ યજ્ઞમાં આહુતિ આપી હતી. હવનસામગ્રી પ્રદર્શન નિહાળ્યું હતુ. જેમાં વિવિધ વનસ્પતિઓ અને તેનું મહત્ત્વ સમજાવતા ચાર્ટસ રાખવામાં આવેલ હતાં. આ પ્રદર્શન એક અઠવાડિયા માટે જાહેર જનતા માટે ખુલ્લુ રહેવાની જાહેરાત કરવામાં આવેલ હતી.

o **આર્યસમાજ, વડોદરા દ્વારા** તા. ૨૭-૫-૨૦૧૭ નાં રોજ વૈકુંઠનગરના વૈકુંઠ મંદિરના પ્રાંગણમાં, તા. ૨૬-૬-૨૦૧૭ના રોજ હાલોલ જી.આઇ.ડી.સી. માં એ. જી. ઇન્ડસ્ટ્રીઝમાં તથા તા. ૪-૬-૨૦૧૭ના રોજ કમાટીબાગમાં ઉપરોક્ત હવન-યજ્ઞના જાહેર કાર્યક્રમ રાખવામાં આવેલ હતા. આ કાર્યક્રમ દ્વારા લોકોને પર્યાવરણની ગંભીર અસરો, તેના પડકારો અને પર્યાવરણની શુદ્ધિ હેતુ હવન-યજ્ઞ કઇ રીતે પ્રાણીમાત્રને અસરકર્તા, ઉપયોગી અને લાભકારી છે, તેને વૈજ્ઞાનિક રીતે સમજાવી નિયમિતરૂપે હવન-યજ્ઞ કરવાની તથા ચોમાસામાં વિવિધ જાહેર જગ્યાઓએ વિપુલ પ્રમાણમાં વૃક્ષારોપણ કરવાની પ્રતિજ્ઞા લેવડાવી, તે પ્રમાણે આચરણ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. શ્રોતાજનોએ પણ આ પ્રકારના કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લેવાની ખાત્રી આપી હતી.

આ ઉપરાંત અન્ય આર્યસમાજો દ્વારા પણ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે તા. ૪ અને ૫ જૂન તથા ત્યાર બાદ પણ પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું અને લોકોમાં યજ્ઞનો સંદેશ પહોંચાડવામાં આવેલ હતો.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના સૂચનને ગુજરાતી આર્યસમાજોએ હર્ષભેર વધાવીને પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં સહભાગી બની સામાન્ય જનતા સધુી યજ્ઞ મહિમાનો સંદેશ પહોંચાડવા બદલ સભાપ્રમુખ સુરેશચંદ્રજીએ ધન્યવાદ આપ્યા હતા. આજ પ્રમાણે પ્રાંતીય સભાનાં અન્ય કાર્યક્રમોને પણ આગળ વધારવા અનુરોધ કર્યો હતો.

# આગામી અન્તરાષ્ટ્રીય આર્ય મહાસંમેલન મ્યાનમારમાં યોજાશે.

ગત સન્ ૨૦૦૬ થી પ્રત્યેક વર્ષ અન્તર્રાષ્ટ્રીય આર્ય મહાસંમેલન યોજવાની સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી. તે જાહેરાત મુજબ ૧૧ મું આર્ય મહાસંમેલન આગામી તા. ૬-૭-૮ ઓકટોબર - ૨૦૧૭ના મ્યાનમાર (બર્મા) માં યોજાશે.

બર્મામાં આર્યસમાજનો પ્રચાર વર્ષોથી થયેલો છે. ત્યાં વિદ્યાલય, અનાથાલય, સત્સંગનું સંચાલન થાય છે. આ દેશનાં લગભગ દરેક મોટા શહેરોમાં જેવાં કે રુંગૂન, માંડલે, લાશિયો, મિચિના, મોગોગ, જિયાવાડીમાં આર્યસમાજના ભવ્ય ભવનો બનેલા છે. રંગૂનમાં આર્યસમાજની સ્થાપના સન્ ૧૮૯૯માં થયેલી. તે જ રીતે માંડલે આર્યસમાજ સન્ ૧૮૯૫માં બનેલી આ આર્યસમાજમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ પણ હતા. ઉલ્લેખનીય છે માંડેલમાં નેતાજી સુભાષચંદ્ર, બાલ ગંગાધર તિલક અને લાલા લાજપતરાયને અંગ્રેજ સરકારે ધરપકડ કરી બંદીવાન બનાવ્યા હતાં. આજે પણ તે કિલ્લો અને જેલ કે જેની ચારે તરફના ૧૨ કિ.મીના ઘેરાવમાં ઊંડુ પાણી ભરેલું છે. એ ઐતિહાસિક સ્થાન છે.

બીજા વિશ્વયુદ્ધ સમયે બર્માની આર્યસમાજોને ખૂબ નુકશાન થયું હતું. જેના જિર્ણોદ્ધારમાં આર્યોએ ખૂબ ધન - શ્રમ દાન કરી શક્તિ લગાવી હતી. તથા અનેક આર્ય પરિવારો બર્મા છોડીને અમેરિકા, કેનેડા, ભારન વગેરે દેશોમાં સ્થળાંતરિત થયા હતાં. વર્તમાનમાં બર્મામાં લગભગ ૩૫-૪૦ આર્યસમાજોનાં સુંદર ભવન છે. હજારો વ્યક્તિ આર્યસમાજ સાથે જોડાયેલાં છે. તેઓની સાથે ભારતનો નિરંતર સંપર્ક ન હોવાથી તેમજ મધ્યકાળમાં સૈનિક શાસન આવવાથી પ્રચાર-પ્રસાર અટકી ગયો હતો, પરંતુ વિદેશોમાં પ્રચાર કાર્યને વેગ મળતા નવી સ્ફૂર્તિ આવી છે. દિલ્લીમાં સન્ ૨૦૧૨ માં આર્ય મહાસંમેલન સમયે બર્માથી ભાગ લેવા આવેલા આર્યોએ પોતાના દેશમાં આર્ય મહાસંમેલન યોજવાની જાહેરાત કરી હતી. એનું જ પરિણામ છે આગામી આર્ય મહાસંમેલન ૬-૭-૮ ઓકટોબર ૨૦૧૭ના બર્મા (મ્યાનમાર)માં યોજાશે. વધુ વિગતો હવે પછી....

# આર્યસમાજ આણંદ દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા ગામના સીમ વિસ્તારના નાના બાળકો ભણવા માટે ઉત્સાહિત થાય તેવા ઉમદાં હેતુથી પરા વિસ્તારમાં ચાલતી પ્રાથમિક શાળાઓમાં ધો. ૧ માં પ્રવેશ મેળવનાર બાળકો માટે શાળા પ્રવેશોત્સવની કામગીરી દર વર્ષે કરવામાં આવે છે. તદનુસાર આ વર્ષે પણ સંસ્થા દ્વારા પ્રાથમિક શાળા ડુંગળીપુરા (રામનગર) ખાતે તા. ૧૫-૫-૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ૯-૦૦ કલાકે શાળા પ્રવેશ ઉત્સવ - ૨૦૧૭ નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા, પુસ્તકાલય અધ્યક્ષશ્રી રાજેન્દ્રસિંહ રાજ, વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર આર્ય તથા રામનગરના સરપંચ શ્રીમતી ગીતાબેન, ઉપસરપંચશ્રી નટુભાઇ, રામનગર હાઇસ્કૂલના પૂર્વ આચાર્યશ્રી સામંતસિંહ ચૌહાણ, શ્રી પઢીયાર સાહેબ (નિવૃત્ત મેનેજર (એચ. આર) એન. ડી. ડી.બી.) શાળાના ભૂમિદાતાશ્રી મોહનકાકા, મોગરના શ્રી દિલીપસિંહ રાવલજી, શ્રી ભગવાજીસિંહ મહીડા, વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ તેમજ શિક્ષકો સહિત આશરે ૧૦૦થી વધુ વ્યક્તિઓ હાજર રહી હતી.

પ્રવેશપાત્ર બાળકોને મહાનુભાવો દ્વારા કુમકુમ તિલક કરીને શૈક્ષણિક કીટ (સ્કૂલ બેગ, પેન્સિલ બોક્ષ, સંચો, રબર, નોટબુક, સ્લેટ, પેન, બોક્ષ) તેમજ ચોકલેટ આપીને કરતલધ્વનિથી પ્રેમપૂર્વક શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે હાજર સૌ મહાનુભાવોએ બાળકો ખૂબ ભણે, સંસ્કારી બની સારા નાગરિક બને, શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. સમારંભના અધ્યક્ષશ્રી કનકસિંહજી વાઘેલાએ વિદ્યાર્થીઓનું શિક્ષણ પૂરું કરવા જરૂર પડે આર્યસમાજ તરફથી શક્ય તેટલી મદદ કરવાની જાહેરાત કરી હતી તથા શાળાના વિકાસમાં સહભાગી તમામ દાતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આર્યસમાજ આણંદ દ્વારા પ્રવેશોત્સવનો નવતર પ્રયોગ

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા બાળકોનો સર્વાંગી પ્રગતિ થાય તેવા ઉમદા હેતુથી વર્ષ દરમ્યાન સતત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થા દ્વારા પરા વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ધો. ૧ માં પ્રવેશ લેનાર બાળકોને પ્રોત્સાહિત કરવા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત તા. ૧૩-૬-૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૯-૦૦ કલાકે નવતર પ્રયોગ કરીને શાળાના શિક્ષકો તથા બાળકો તેમના વાલીઓને બેસાડીને વૈદિક યજ્ઞ કરવામાં આવ્યો, ત્યાર બાદ પ્રવેશપાત્ર બાળકોની સાથે સંસ્થાના પ્રમુખશ્રી તથા ઉપપ્રમુખશ્રીએ સરસ્વતી સૂક્ત, ગાયત્રી મંત્ર, મહામૃત્યુંજય મંત્રની યજ્ઞમાં આહુતિઓ આપી હતી. યજ્ઞ બાદ સામૂહિક પ્રાર્થના કરવામાં આવી. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી જીતુભાઈએ સમારંભના અધ્યક્ષશ્રી કનકસિંહજી વાઘેલા, અતિથિ વિશેષ શ્રી રાજેન્દ્રસિંહ ઝાલા (સરપંચ-મોગર), ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ પટેલ, વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર આર્ય, પંડિત કનુપ્રસાદ શાસ્ત્રી, શ્રી દિલીપસિંહ રાવલજી વગેરેનું શાળાની બાળાઓ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. ત્યાર બાદ સંસ્થા તરફથી પ્રવેશપાત્ર બાળકોને મહાનુભાવો દ્વારા કુમકુમ તિલક કરીને તથા શૈક્ષણિક કીટ (સ્કુલ બેગ, પેન્સીલ બોક્ષ, સંચો, રબર, નોટબુક) તેમજ ચોકલેટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રમુખશ્રીએ બાળકો ખૂબ ભણે, સારા નાગરિક બને, શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી તથા શાળાને જરૂરી મદદ કરવાની જાહેરાત કરી હતી.

## વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે મહિલા યોગ જાગૃતિ શિબિર યોજાઈ.

ગત તા. ૭ થી ૧૧ જૂન ૨૦૧૭ સુધી વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ ખાતે મહિલા યોગ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૫૦ કરતા પણ વધુ યોગ પ્રેમી મહિલાઓ દેશભરમાંથી હાજર રહી. આ શિબિરમાં આચાર્યા શીતલજીએ સંધ્યાના મંત્રોના શુદ્ધઉચ્ચાર અને જીવનમાં આધ્યત્મિકતાની જરૂરિયાત એ વિષયનું માર્ગદર્શન આપ્યું. શ્રીમતી જયાબેને પારિવારિક સુખ-શાંતિનાં ઉપાયો અને ગૃહસ્થને સ્વર્ગ કેવી રીતે બનાવવું એ વિષય પર માર્ગદર્શન આપ્યું. ડૉ. સદ્‌ગુણાબેને જ્ઞાન-કર્મ-ઉપાસના અને આત્મનિરીક્ષણ વિષયે ઉપદેશ આપ્યો. શ્રીમતી સુનિતાજીએ આસન-વ્યાયામ વગેરે કરાવ્યાં.

શ્રીમતી રાજમહલોત્રાજીએ યમ-નિયમ વિશે વિગતે સમજૂતિ આપી. પૂ. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ દરરોજ સવારે ધ્યાન કરાવ્યું અને સાંજે પ્રેરક પ્રવચનો દ્વારા પારિવારિક, સામાજિક અને રાષ્ટ્રીય કર્તવ્યો અંગે પ્રેરણા આપી. શિબિર સમાપન વખતે પૂ. સ્વામી સત્યપતિજીએ દરેકને આશીર્વચનો કહ્યાં. તમામ શિબિરાર્થીને પ્રમાણપત્ર અને અનુશાસન વગેરે શ્રેષ્ઠતાનું પાલન કરનારને પુરસ્કાર આપવામાં આવ્યાં.

# આર્યસમાજ આણંદ ખાતે સ્કૂલનાં વિદ્યાર્થીઓએ હવન સામગ્રી પ્રદર્શન નિહાળ્યું.

આપણાં પ્રાચીન ઋષિઓ દ્વારા વર્ષોના સંશોધન પછી પર્યાવરણની જાળવણીના ઉપાય તરીકે યજ્ઞનું વૈજ્ઞાનિક સ્વરૂપ આપણી ભારતીય સંસ્કૃતિમાં રજૂ કરવામાં આવ્યું છે. અગ્નિમાં વિવિધ ઔષધિઓના મિશ્રણને વિવિધ પ્રકારના કાષ્ઠો (સમિધા) અને ગાયના શુદ્ધ ઘી સાથે વૈદિક મંત્રોચ્ચારણ સહિત હોમવાથી તત્કાલ રાસાયણિક પ્રક્રિયા દ્વારા વાતાવરણ શુદ્ધ કરી પ્રદૂષણ મુક્ત બનાવે છે. આ સમગ્ર પ્રક્રિયાને પ્રત્યક્ષ સમજાવવા માટે અલગ અલગ ઔષધિઓ-સમિધાઓ-યજ્ઞપાત્ર વગેરેનું પ્રદર્શન બેનરો સહિત આર્યસમાજ - આણંદે તૈયાર કરેલું છે. આ પ્રદર્શનને સંસ્થાના એન. કે. સોલંકી હોલમાં જાહેર જનતાના લાભાર્થે વિશ્વ પર્યાવરણ દિવસ તા. ૫-૬-૨૦૧૭ના રોજ આણંદ જિલ્લાના માન. કલેકટરશ્રીના હસ્તે ઉદ્‌ઘાટન કરીને ખુલ્લુ મુકવામાં આવ્યું. જે વિશ્વ યોગ દિવસ તા. ૨૧-૬-૨૦૧૭ સુધી ચાલુ રાખવામાં આવ્યું.

તા. ૧૪-૬-૨૦૧૭ના રોજ શારદા હાઈસ્કૂલ આણંદના ધો. ૯ અને ૧૦ કુલ પાંચ વર્ગોના આશરે ૨૫૦ વિદ્યાર્થી ભાઇ-બહેનો તથા શિક્ષકોએ રસપૂર્વક હવન સામગ્રી પ્રદર્શન નિહાળ્યું હતું

તા. ૧૫-૬-૨૦૧૭ના રોજ સાલ્વેશન આર્મી ઇંગ્લીશ મીડીમય સ્કૂલ આણંદના ધો. ૯ અને ૧૦ ના આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થી ભાઇ-બહેનોએ શિક્ષક સાથે પ્રદર્શનને નિહાળ્યું હતું તેમજ આઇ.પી.મિશન ગર્લ્સ હાઇસ્કૂલ, આણંદના ધો. ૯ થી ૧૨ સુધીના આશરે ૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ તથા શાળાના સ્ટાફે હવન સામગ્રી પ્રદર્શન નિહાળ્યું હતું.

# वानप्रस्थ साधक आश्रम में प्रवेश प्रारम्भ

पूज्य स्वामी सत्यपति जी परिव्राजक द्वारा संस्थापित वानप्रस्थक साधक आश्रम, रोजड गुजरात के 'संस्कृत व्याकरण, उपनिषद् एवं दर्शन अध्यापन केन्द्र' में ब्रह्मचारियों को प्रवेश दिया जा रहा है।

यहाँ पिछले पाँच वर्षो से संस्कृत, व्याकरण का अध्ययन-अध्यापन चल रहा है। वर्तमान में आचार्य श्री शक्तिनन्दन जी के द्वारा अष्टाध्यायी, प्रथमावृत्ति तथा धातुवृत्ति का अध्यापन किया जा रहा है। अष्टाध्यायी के साथ संस्कृत भाषा का भी प्रशिक्षण दिया जायेगा। इसके साथ प्रतिदिन सन्ध्या, हवन, आत्मनिरीक्षण व समय-समय पर अनेक विद्वानों के दार्शनिक - आध्यात्मिक प्रवचन एवं योगनिष्ठ गुरुवर्य पूज्य स्वामी सत्यपति जी का सान्निध्य, प्रेरणा व उपदेश भी प्राप्त होता रहेता है। आश्रम फल-फूल, वृक्षों से युक्त रमणीय वातावरण से परिपूर्ण शान्त एकान्त स्थान में स्थित है। बिना किसी पक्षपात के आवास, भोजन, वस्त्र, पुस्तक आदि समस्त साधन पूर्णतः निःशुल्क उपलब्ध कराये जाते हैं।

कुछ काल के लिए ब्रह्मचारियों का परीक्षण किया जाता है। गुरुकुलीय दिनचर्या, पूर्ण अनुशासन, योगाभ्यास व अध्यात्म में रुचि वाले ब्रह्मचारी ही प्रवेश के लिए निम्न पते पर सम्पर्क करें। स्थान सीमित है।

**-: व्यवस्थापक :-**


संस्कृत व्याकरण, उपनिषद् एवं दर्शन अध्यापन केन्द्र

वानप्रस्थ साधक आश्रम

आर्यवन, रोजड, पो. सागपुर, जि. बनासकांठा, गुजरात-३८३ ३०७

(०२७७०) २८७४१७, ९४२७० ५९५५०, ९४०८५ ६८३९१

Email : vaanprastharojad@gmail.com

Web : www.vaanaprastharojad.org


અનુસંધાન પાના નં. ૨૬ પરનું ચાલુ...

## આર્યવીર દળનો પ્રશિક્ષણ શિબિર

શિબિરનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ તા. ૭ ના રોજ સવારના ૯ થી ૧૨ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ મહંત શ્રી દુર્ગાદાસજી મહારાજના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યાં હતા. આર્યસમાજ, રાજકોટ, ટંકારા, જામનગર, આણંદ, ધ્રાંગધા, લીંબડી, વઢવાણ, સુરેન્દ્રનગર, સાયલા, અમદાવાદ વગેરેના પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતાં.

શિબિર સંયોજક આર્યબંધુજી અને નીતિનભાઇ ચૌહાણ (ધ્રાંગધ્રા) તથા અન્ય અનેક સહયોગીઓએ વ્યવસ્થા સંભાળી હતી. આવાસ-ભોજનની સુવિધા શ્રી દુર્ગાદાસજી - (મહંત શ્રી લાલજી મહારાજની જગ્યાએ) ઉદારતાથી પૂરી પાડી સૌના દિલ જીતી લીધા હતાં. આર્યવીરોને પ્રમાણપત્ર, પુરસ્કાર અપાયા હતા.

# આર્યવીર દળ ગુજરાત દ્વારા યોજાયો

# આર્યવીર દળ પ્રશિક્ષણ શિબિર



આર્યવીર દળ, ગુજરાત દ્વારા નવી પેઢીના ઘડતર માટે દર વર્ષે પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવે છે. જેમાં આજ સુધીમાં સેંકડો આર્યવીરોનું નિર્માણ થયું છે. ચાલુ વર્ષે તા. ૧ થી ૭ મે ૨૦૧૭ સુધી આર્યવીરો માટેનો શિબિર લાલજી ભગતની જગ્યા, સાયલા, જિ. સુરેન્દ્રનગર મુકામે યોજાઇ ગયો. જેમાં ૭૦ આર્યવીરોએ ભાગ લીધો હતો. ગુજરાતનાં વિવિધ સ્થળો જામનગર, જૂનાગઢ, રાજકોટ, ટંકારા, સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી, અમદાવાદ, આણંદ, નડિઆદ વગેરેનાં આર્યવીરો જોડાયાં હતા. તેઓને નિશ્ચિત દિનચર્યા સવારના ૪.૩૦થી રાત્રિના ૯.૪૫ સુધી સર્વાંગ સુંદર વ્યાયામ, આસન, દંડ-બેઠક, નિયુદ્ધમ્, લાઠી, છૂરા, ભાલા, લેઝીમ, ડંબેલ્સ, તીરંદાજી, રાયફલ શૂટિંગ વગેરેનું બૌદ્ધિક, શારીરિક તથા આર્યવીર દળ પરિચય, દેશ ભક્તિ, સ્વાસ્થ્ય જાળવણી, આર્ય સંસ્કૃતિ વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. તેઓને શાખા લગાવવી ધ્વજારોહણ-ધ્વજાવતરણ વગેરેનું પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું. આ પ્રશિક્ષણ વ્યાયામ શિક્ષકો ચંદ્રપ્રકાશ શાસ્ત્રી, સુવાસ શાસ્ત્રી, દીપકભાઇ આર્યએ આપ્યું. શિબિરાધ્યક્ષ સ્વામી શાંતાનંદ સરસ્વતી (ગુરુકુલ ભવાનીપુર-કચ્છ) હતા. તેઓએ સવાર-સાંજ યજ્ઞ-સંધ્યા કરાવી તેમજ બૌદ્ધિક-પ્રશિક્ષણ આપ્યું. પ્રવીણભાઇ ઠાકરે પણ બૌદ્ધિક-પ્રશિક્ષણ તેમજ વહીવટી કાર્યની જવાબદારી સંભાળી.

શિબિરમાં વિશેષ વક્તા તરીકે સુરેન્દ્રનગરના એસ.પી. શ્રી દીપકકુમાર મેઘાણી, પીએસઆઇ. શ્રીમતી બી. ટી. પેટરિયા, ડૉ. અશ્વિનભાઇ ગઢવી (સર્જન)ને આમંત્રણ આપવામાં આવેલ હતું. તેઓએ આર્યવીરોને ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.

શિબિર દરમ્યાન આર્યવીરોની સાયલા ગામની બજારો અને ગલીઓમાં શોભાયાત્રા રાખવામાં આવી. જેમાં આર્યવીરો સાથે વિવિધ આર્યસમાજોમાંથી આવેલા આર્ય પદાધિકારીઓ, સદસ્યો તથા સાયલા ગામના આગેવાનો પણ જોડાયા હતાં. ઓમ્ધ્વજ, પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ-રથ અને વિવિધ બેનરોથી સુશોભિત શોભાયાત્રામાં બેંડપાર્ટી અને રાષ્ટ્રભાવના પ્રેરિત ગીતો અને જયઘોષથી સાયલા ગામની બજારો-ગલીઓ ગુંજી ઉઠી હતી. શોભાયાત્રા દરમ્યાન આર્યવીરોએ પોતાના કરતબ બતાવી લોકોને આર્યવીર દળના પ્રશિક્ષણનો સંદેશ પાઠવ્યો હતો.

અનુસંધાન પાના નં. ૨૫ પર

## આર્યસમાજ આણંદ ખાતે યોજાયો

# પ્રાંતીય આર્ય વીરાંગના દળ વાર્ષિક શિબિર




મહર્ષિ દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપિત આર્યસમાજની યુવા પાંખ આર્યવીર દળ-ગુજરાત દ્વારા ગ્રીષ્મકાલીન વાર્ષિક ચરિત્ર નિર્માણ શિબિરનું આયોજન દર વર્ષે મે માસમાં કરવામાં આવે છે. જેમાં ધર્મ-સંપ્રદાય-જાતપાતના ભેદભાવ વિના ૧૩ થી ૨૦ વર્ષની વયજૂથની યુવતીઓની આર્યવીરાંગના દળ શિબિર (બહેનો માટે) આ વર્ષે તા. ૧૪-૫-૨૦૧૭ થી તા. ૨૧-૫-૨૦૧૭ સુધી ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે યોજવામાં આવી છે. જેમાં ગુજરાતભરના આર્યસમાજો તરફથી આશરે ૧૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો.

આ શિબિરમાં શારીરિક-બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. જેમાં ઉષ્મા પ્રેરક વ્યાયામ, દંડ, બેઠક, આસન, સૂર્યનમસ્કાર, લાઠી, કરાટે, સ્વ-બચાવ વગેરેની તાલીમ તેમજ આરોગ્ય જાળવણી, રાષ્ટ્રીય ભાવના પ્રેરક અને વૈદિક ધર્મ પરિચયનું બૌદ્ધિક પ્રશિક્ષણ તથા યજ્ઞ અને પર્યાવરણ બચાવવાની તાલીમ આપવામાં આવી હતી.

આ શિબિરમાં સવારે ૪.૩૦ વાગ્યાથી રાત્રિના ૯.૪૫ સુધીની દિનચર્યા રહી.

પંદર વર્ષથી નાની ઉંમરની બાળાઓની યાદશક્તિ, ગ્રહણશક્તિ વધે તે માટે પાવર ઓફ માઇન્ડની ચાર દિવસની તાલીમ શ્રી અરવિંદભાઇ રાણા - ગાંધીનગરનાએ આપી હતી.

(૧) ગેસ સેફટી સેમિનાર રાજેન ગેસ સર્વિસ, આણંદના પ્રોપ્રાયટર શ્રી અશોકભાઇ પટેલ દ્વારા યોજવામાં આવ્યો હતો. (૨) મહિલા સુરક્ષા તથા સમાજમાં મહિલાઓને પડતી મુશ્કેલીના નિવારણ અંગેની સમજ આપવા જાગૃતિ મહિલા સંગઠનના પ્રમુખશ્રી શ્રીમતી આશાબેન દલાલે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. સ્ત્રીરોગો તથા તરૂણાવસ્થામાં યુવતિઓ-બાળકીઓને થતા શારીરિક માનસિક રોગો અંગેની સમજણ તથા તેના નિવારણ માટે શું શું કરવું જોઇએ - કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જોઇએ તે અંગેનું પ્રવચન આપવા માટે હોમિયોપેથિક કોલેજ સ્ત્રી રોગ વિશેજ્ઞ ડૉ. હિનાબેન આર. પટેલ (M.D) તથા ડૉ. વિ. એચ. દવે સાહેબ પધાર્યા હતા.

શિબિર દરમ્યાન હોમિયોપેથિક કોલેજ આણંદના પ્રો. જયેશભાઇ ધંધુકિયાની દેખરેખ હેઠળ ડોકટરોની ટીમ દ્વારા મેડીકલ ચેક-અપ કેમ્પ બાળાઓ માટે રાખવામાં આવ્યો. તેની સાથે સાંઇશ્રુતિ ચેરિટેબલ ટ્રસ્ટ (યુ.કે.) આણંદના સહયોગથી દાતા ચાર્લ્સ અને સોનલના સહયોગથી ફ્રી આઇ ચેક-અપ કરવામાં આવી. જેમાં આસ્થા હોસ્પિટલ ભાલેજ રોડ, આણંદના ડૉ. રાજુભાઇ પટેલે સેવા આપી હતી.



શિબિર દરમ્યાન વીરાંગનાઓએ અમૂલ ડેરીની મુલાકાત લીધી હતી.

શિબિર સમાપન કાર્યક્રમ જેના પ્રારંભે યજ્ઞ અને વૃત્તસૂત્ર (જનોઇ) ધારણ કરાવી વ્રતગ્રહણ કરવામાં આવ્યા હતાં.

મુખ્ય કાર્યક્રમ ખાસ સજાવેલા મંચ પરથી સંચાલિત કરવામાં આવ્યો. જેનાં મુખ્ય અતિથિ શ્રી લાલસિંહજી વડોદરિયા (સાંસદ-રાજ્યસભા) તથા અન્ય મહેમાનો શ્રી રણજીતસિંહ પરમાર (ઉપપ્રમુખ ગુજ. પ્રા. સભા), વિવિધ આર્યસમાજોનાં પદાધિકારીઓ, સદસ્યો તથા આમંત્રિતો બહોળી સંખ્યામાં પધારેલ હતા. સૌનું શબ્દો વડે સ્વાગત શિબિરાધ્યક્ષ અને આ. સ. આણંદના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલાએ કર્યુ હતું. પધારેલા મુખ્ય મહેમાનોએ પરેડનું નિરીક્ષણ કરી માર્ચ પાસ્ટની સલામી લીધી હતી. વીરાંગનાએ પ્રાપ્ત કરેલ શારીરિક શિક્ષણનું નિદર્શન સૌની પ્રશંસા મેળવી હતી.

શિબિરના અંતે યોજાયેલ શારીરિક અને બૌદ્ધિક પ્રશિક્ષણની લેખિત અને મેદાની પરીક્ષામાં ઉચ્ચ રેંક મેળવનારને મેડલ તથા તમામને પ્રમાણપત્ર અને જીવનપયોગી સાહિત્યની કીટ મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવેલ હતી.

શ્રી અરવિંદભાઇ રાણાના નિદર્શનમાં માઇન્ડ પાવરનું બાળાઓએ આંખે પાટા બાંધીને રંગ, લખાણ વગેરે વાંચી બતાવી દર્શકોને મોહિત કરી દીધા હતાં.

પ્રશિક્ષક તરીકે સત્યમજી આર્ય (દિલ્લી), અભિલાષા આર્યા (દિલ્લી) અને પૂર્વીબેન પરમાર (જામનગર) એ સેવા આપી હતી.

આર્યવીરાંગના દળ શિબિરનું સમગ્ર સંચાલન શ્રી હસમુખ પરમાર - ટંકારાના માર્ગદર્શનમાં તથા સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલા તથા મંત્રીશ્રી અશોકભાઇ પટેલ તથા અંતરંગ સભ્યોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયું.

# આર્યવીર દળ ટંકારાનો સ્થાનીય શિબિર યોજાયો



આર્યવીર દળ ટંકારાની સ્થાપના સન્ ૧૯૮૪ માં થઇ છે. ત્યારથી દર વર્ષે સ્થાનીય વાર્ષિક શિબિર દીવાળી અને ઉનાળાની રજાઓમાં યોજવામાં આવે છે. જેમાં ટંકારા અને આસપાસનાં ગામોનાં કિશોર વયના બાળકો-બાળકીઓ જોડાય છે.

ચાલુ વર્ષનો શિબિર તા. ૨૫ થી ૨૮ મે રાખવામાં આવ્યો. જેમાં ૭૦ જેટલાં આર્યવીર-વીરાંગનાએ ભાગ લીધો. તેઓને સવારના ૬ થી ૧૧ અને સાંજના ૩ થી ૭ શારીરિક અને બૌદ્ધિક પ્રશિક્ષણ આપવામાં આવ્યું. જેમાં સર્વાંગસુંદર વ્યાયામ, સૂર્યનમસ્કાર, દંડ-બેઠક, આસન, કરાટે, લાઠીદાવ વગેરે તેમજ બૌદ્ધિક પ્રશિક્ષણમાં આર્યવીરદળનો પરિચય, આર્યસમાજનો પરિચય, વ્યક્તિગત જીવનમાં ઉપયોગી બાબતો, પંચમહાયજ્ઞ વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા.

શિબિરનો પૂર્ણાહુતિ કાર્યક્રમ તા. ૨૮ રવિવારના રોજ રાખવામાં આવ્યો. જેમાં બાળકોનાં વાલી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે બાળકોએ પોતે પ્રાપ્ત કરેલ પ્રશિક્ષણનું પ્રદર્શન કરી સૌના દિલ જીતી લીધાં હતાં.

પ્રશિક્ષણના મુખ્ય શિક્ષક તરીકે પંડિત સુવાસ શાસ્ત્રી (વ્યાયામ શિક્ષક) રહ્યા હતા. ઉપરાંત રાજેશભાઇ સાપરિયા, આનંદભાઇ, ચેતનભાઇ વગેરેએ સહયોગ આપ્યો હતો. શિબિરને સફળ બનાવવા આર્યવીર દળ ટંકારાના અધિષ્ઠાતા પરેશભાઇ કોરિંગાએ જહેમત ઉઠાવી હતી.

# આર્યસમાજ, જૂનાગઢ દ્વારા યોજાયો સમર કેમ્પ



આર્યસમાજ જૂનાગઢ દ્વારા બાળકોના શારીરિક, આત્મિક અને બૌદ્ધિક વિકાસ માટે તા. ૧૫ થી ૨૧ મે ૨૦૧૭ સુધી યુવા સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં ભાગ લેનારને યોગ, પ્રાણાયામ, આસન, દંડ, બેઠક, લાઠી, કરાટે, સ્વબચાવ, વેદમંત્રોનું પઠન-પાઠન, પર્યાવરણ રક્ષા વગેરેનું પ્રશિક્ષણ નિષ્ણાંત શિક્ષકો દ્વારા આપવામાં આવ્યું હતું. સાથે સંસ્કૃત, અંગ્રેજી, વ્યાકરણ, વૈદિક ગણિત, વેસ્ટમાંથી બેસ્ટ, પર્યાવરણ શુદ્ધિ વિશે, રાઇફલ શુટિંગ, બ્રહ્માનંદ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિજ્ઞાનના પ્રયોગો વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું.

આ કેમ્પનો સમાપન સમારોહ તા. ૨૧ મેના રોજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો જેમાં હેમાબેન આચાર્ય (ભૂ. પૂ. આરોગ્ય મંત્રી), ગીતાબેન જવાહરભાઇ ચાવડા, મનસુખભાઇ વાજા, જ્યોતિકબેન વાડોલિયા, ડૉ. રાજેશ ભાખર વગેરે ઉપસ્થિત રહી બાળકોને પ્રત્સાહિત કર્યા હતા.

આ કેમ્પમાં દરેક વિષયોમાં ઉત્તમ દેખાવ કરનારને વિશેક્ષ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં આર્યવીર દળ જૂનાગઢ અધિષ્ઠાતા દીપકભાઇ આર્ય, આર્યસમાજ જૂનાગઢના મંત્રી શ્રી કાંતિભાઇ કીકાણી, પં. રાજેશ શાસ્ત્રી, ઉપમંત્રી પ્રવીણાબેન વાઘેલા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

અનુસંધાન પાના નં. ૩૧ પરનું ચાલુ...

## ગુજરાતની આર્યસમાજોના પુરોહિત

૧૪. આર્યસમાજ, વેરાવળ (સોમનાથ)
  ૧. પં. મણિલાલ 'મણિ'

૧૫. આર્યસમાજ, ગાંધીધામ
  ૧. પં. પિનાકીન આર્ય

૧૬. આર્યસમાજ, ભૂજ
  ૧. પં. જયકુમાર શાસ્ત્રી

૧૭. આર્યસમાજ, સોની ફળિયા, સુરત
  ૧. રમેશચંદ્ર સોનગઢી - સિદ્ધાન્ત આચાર્ય

૧૮. આર્યસમાજ, ભટાર રોડ, સુરત
  ૧. ડૉ. ઉમાશંકર - યોગાચાર્ય

૧૯. આર્યસમાજ, કછોલી
  ૧. વિમલ શાસ્ત્રી - સિદ્ધાન્ત આચાર્ય

૨૦. આર્યસમાજ, ડીસા
  ૧. વાસુદેવ ઠક્કર

# ગુજરાતની આર્યસમાજોમાં કાર્યરત પુરોહિતો

૧. આર્યસમાજ, કાંકરિયા - અમદાવાદ

૧. પં. વેદબંધુ શર્મા, આચાર્ય - એમ. એ., બી.એડ્

૨. પં. દિવાકર શાસ્ત્રી - સિદ્ધાંન્તાચાર્ય

૩. પં. ગિરીશકુમાર શર્મા (ગાંધીનગર) - સિદ્ધાન્ત આચાર્ય

૨. આર્યસમાજ, થલતેજ, અમદાવાદ,

૧. પં. ચેતન શાસ્ત્રી - સિ. શાસ્ત્રી

૩. આર્યસમાજ, ચાંદલોડીયા, અમદાવાદ,

૧. પં. મંનુપ્રસાદ રામાવત

૪. ચરોત્તર પ્રદેશ આર્યસમાજ, આણંદ

૧. પં. વિજયકુમાર આર્ય - સિદ્ધાન્ત આચાર્ય

૨. પં કનુપ્રસાદ આર્ય - સિદ્ધાન્ત આચાર્ય

૫. આર્યસમાજ, વિશ્રામબાગ, વડોદરા

૧. નારાયણપ્રસાદ મિશ્રા

૬. આર્યસમાજ, સુરેન્દ્રનગર

૧. આચાર્ય આર્યબંધુ - સિદ્ધાન્ત આચાર્ય

૭. આર્યસમાજ, ભાવનગર

૧. પં. ધર્મેન્દ્ર શાસ્ત્રી - શાસ્ત્રી

૮. આર્યસમાજ, રાજકોટ

૧. પં. વીરબહાદુર શાસ્ત્રી - સિદ્ધાન્ત આચાર્ય

૨. પં. સતેન્દ્ર શાસ્ત્રી - શાસ્ત્રી

૯. આર્યસમાજ, જૂનાગઢ

૧. પં. રાજેશ શાસ્ત્રી

૧૦. આર્યસમાજ, ટંકારા

૧. પં. સુવાસ શાસ્ત્રી - વ્યાકરણ આંચાર્ય

૧૧. આર્યસમાજ, જામનગર

૧. પં. ચંદ્રપ્રસાદ શાસ્ત્રી

૧૨. આર્યસમાજ, ગોંડલ

૧. કમલેશકુમાર જોષી

૧૩. આર્યસમાજ, પોરબંદર

૧. પં. કમલેશકુમાર શાસ્ત્રી

૨. પં. બ્રહ્માનંદ આઝાદ - સિદ્ધાન્ત આચાર્ય

અનુસંધાન પાના નં. ૨૫ પર

BOOK-POST

RNI Registration No. GujGuj/2015/63289
Posted at Rajkot - RMS on 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2015 - 17

પ્રેષક :-
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ,
ટંકારા - ૩૬૩૬૫૦.
જિ. મોરબી

પ્રતિ, ________

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL